

P.09

કંગના રનૌતથી લઈને શાહિદ કપૂર સુધીના સ્ટાર્સે દશેરાની શુભેચ્છા પાઠવી

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673



P.09

રામ ચરણની ફિલ્મનો રસ્તો રોક્યો, 'ગેમ ચેન્જર'ની રિલીઝ ડેટ મોકૂફ

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૭૨ । વિક્રમ સંવત ૨૦૮૦ : આસો સુદ ૧૧ । પાના - ૧૦ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 72 • Dt. 13-10-2024 Sunday • Page 10 • Price : Rs. 4 • City Office : Lok Patrika Media House, 72, City Centre, Nr. Swastik Cross Road, C.G. Road, Navrangpura, Ahmedabad 380009 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


દુર્ગા પંડાલમાં બુટ-ચપ્પલ પહેરીને આવેલા લોકો પર ભડકી કાજોલ



09

13
OCTOBER- 2024
SUNDAY



09

કાવરાપેઠ્ઠઈ સ્ટેશન નજીક ટ્રેન દુર્ઘટનાને લઈને રાજકારણમાં ભારે હોબાળો મચ્યો






## દશેરાએ કડીમાં મોટી દુર્ઘટના । જાસલપુરમાં એક પ્રાઈવેટ કંપનીમાં કામ કરતી વખતે માટીની ભેખડ ધસી પડી

# કડીની કંપનીમાં ભેખડ ધસી પડતા ૯ના મોત

। બ્યુરો ઓફીસ, મહેસાણા,તા.૧૨ ।

મહેસાણાથી એક મોટી દુર્ઘટનાના સમાચાર સામે આવી રહ્યા છે. અહીં કડીના જાસલપુર ખાતે ભેખડ ધસતાં ૧૦ શ્રમિકો દટાઈ ગયા હતા, જેમાંથી નવના મૃતદેહ મળી આવ્યા છે. આ દરમિયાન એક મજૂરને જીવિત બહાર કાઢવામાં આવ્યો છે, જે હાલ સારવાર હેઠળ છે. આ ઘટનામાં રાજ્ય સરકારે મૃતકોના પરિવારને ચાર લાખ અને ઈજાગ્રસ્તોને રૂ. ૫૦ હજારની આર્થિક સહાય જાહેર કરી છે. એવી જ રીતે, કેન્દ્ર સરકારે મૃતકોના પરિવારજનોને રૂ. બે લાખ અને ઈજાગ્રસ્તોને રૂ. ૫૦ હજારની સહાયની જાહેરાત કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર કડી તાલુકાના જાસલપુરમાં એક પ્રાઈવેટ કંપનીમાં કામ કરતી વખતે માટીની ભેખડ ધસી પડી હતી. આ દુર્ઘટનામાં ૧૦ જેટલા શ્રમિકો દટાતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ઘટનાની જાણ થતાં એમ્બ્યુલન્સ સહિત અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.



### ભેખડમાંથી મૃતદેહો કાઢવા માટે જેસીબીની મદદ લેવામાં આવી

કડીના જાસલપુરમાં આવેલી એક ખાનગી સ્ટીલ કંપનીમાં આ ઘટના બની હતી. ત્યાં કંપનીમાં બાંધકામ ચાલી રહ્યું હતું ત્યારે અચાનક જ માટીની ભેખડો ધસી હતી અને મજૂરો દટાઈ જતાં અફરાતફરી મચી ગઈ હતી. અહેવાલ અનુસાર કુલ ૧૦ જેટલા મજૂરો તેમાં દટાયા હતા. જેમાંથી નવના મૃતદેહો કાઢી લેવામાં આવ્યા છે. મૃતદેહો કાઢવા માટે જેસીબીની મદદ લેવામાં આવી રહી છે. પરિવારજનો પહોંચતાં જ મૃતદેહ સોંપવાની કામગીરી હાથ ધરાશે.

### પીડિત પરિવારોને છ લાખની સહાયની જાહેરાત

મહેસાણાની દુર્ઘટનાની લઈને પીએમઓ દ્વારા ટ્વિટ કરીને લખ્યું હતું કે ગુજરાતના મહેસાણા નજીક ભેખડ ધસી પડવાની ઘટના અત્યંત દુખદ છે. જેમણે પોતાના પરિવારજનોને ગુમાવ્યા છે, તેમના મારી પ્રત્યે શોક-સંવેદનાઓ. ઈશ્વર તેમને આ દુખ સહન કરવાનું શક્તિ આપે. આ સાથે જ હું ઈજાગ્રસ્તો જલદી સ્વસ્થ્ય થાય તેવી કામના કરું છું. આ ઉપરાંત તેમણે પ્રધાનમંત્રી રાહત ફંડમાંથી મૃતકોના પરિવારજનો ને ૨ લાખની સહાય જાહેર કરી હતી. અને ઈજાગ્રસ્તોને ૫૦ હજાર રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે.



### ઘટનામાં મેનેજર અને સુપરવાઇઝર કૌશિક પરમાર સામે કાર્યવાહી

આ ઘટનામાં મેનેજર અને સુપરવાઈઝર કૌશિક પરમાર સામે કાર્યવાહી કરવામાં આવશે. નોંધનીય છે કે સેફ્ટીના સાધનો અભાવ હોવાનું પણ સામે આવ્યું છે. પોલીસના મતે, માલિકો ભાગી ન જાય તેનું ધ્યાન રાખવામાં આવશે. આ દુર્ઘટના સર્જાતા દશેરાના દિવસે મહેસાણા પંથકમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.



ઓનલાઈન ઓર્ડરની પણ ખૂબ ડિમાન્ડ મળી

## અમદાવાદીઓ કરોડો રુપિયાના ફાફડા-જલેબી ઝાપટી ગયા !!

### વહેલી સવારથી જ ફાફડા-જલેબીની દુકાનો પર લોકોની લાંબી લાઇનો જોવા મળી

। પ્રતિનિધિ,અમદાવાદ,તા.૧૨ ।

વિજયાદશમીના ઉત્સવની સમગ્ર દેશભરમાં ઉજવણી કરવામાં આવી હતી.ધર્મ, પ્રાંત, પરંપરા અને માન્યતાઓ અનુસાર લોકો વિજયાદશમી પર્વની ઉજવણી કરે છે.લોકો દશેરાના દિવસે ફાફડા અને જલેબી આરોગતા હોય છે. તેમાં પણ અમદાવાદીઓ ફાફડા અને જલેબીની જિયાફત માણવામાં પાછા નથી પડતા. આજે વહેલી સવારથી જ ફાફડા-જલેબીની દુકાનો પર લાંબી લાઈનો જોવા મળી હતી.

અમદાવાદમાં દશેરાના તહેવારની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી શહેરમાં ઠેર-ઠેર ફાફડા-જલેબીનું વેચાણ કરવામાં આવ્યું હતું અને શહેરીજનો સવારથી જ ફાઉડા જલેબી લેવા ઉમટી પડયા હતાં આજના દિવસે કરોડો રૂપિયાના ફાફડા જલેબીનું વેચાણ થયુ હતું. ઓનલાઈન ઓર્ડરની પણ ખૂબ ડિમાન્ડ જોવા મળી હતી. મહત્વનું છે કે આ વર્ષે



ગાઠિયા જલેબીના ભાવમાં ૩૦ ટકાનો વધારો થયો છે. ફાફડા ૭૪૦, જલેબી ૮૪૦ રૂપિયા ભાવ વધ્યા છે.

આ ઉપરાંત આજે દશેરાને કારણે અનેક લોકોએ વાહનોની ખરીદી કરી હતી જયારે કેટલાક લોકોએ પોતાના નવા વેપાર ધંધાનો પ્રારંભ કર્યો હતો. અમદાવાદમાં દશેરાના તહેવારની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી શહેરમાં ઠેર-ઠેર ફાફડા-જલેબીનું વેચાણ કરવામાં આવ્યું હતું અને શહેરીજનો સવારથી જ ફાઉડા જલેબી લેવા ઉમટી પડયા હતાં આજના દિવસે કરોડો રૂપિયાના ફાફડા જલેબીનું વેચાણ થયુ હતું.

જામનગરના રાજવી પરિવારના વારસદાર અંગે સૌથી મોટા સમાચાર

આ દરમિયાન શત્રુશલ્યસિંહજીએ કહ્યું કે, મને આનંદ છે કે અજય જાડેજા નવાનગરના નવા જામસાહેબ હશે. મને લાગે છે કે આ જામનગરની જનતા માટે આશીર્વાદ રૂપ હશે

## જામસાહેબના વારસદાર તરીકે પૂર્વ ક્રિકેટર અજય જાડેજાનું નામ જાહેર

। જામનગર,તા.૧૨ ।

જામનગરના રાજવી પરિવારના વારસદાર અંગે સૌથી મોટા સમાચાર આવી રહ્યા છે. જામ સાહેબના વારસદાર તરીકે અજય જાડેજાનું નામ જાહેર કરવામાં આવ્યું છે. જામ સાહેબ શ્રી શત્રુશલ્યસિંહજી મહારાજે રાજ પરિવારનો ઐતિહાસિક નિર્ણય જાહેર કર્યો. અત્રે જણાવવાનું કે અજય જાડેજા ભારતીય ક્રિકેટ ટીમનો હિસ્સો રહી ચૂક્યા છે.

આ દરમિયાન શત્રુશલ્યસિંહજીએ કહ્યું કે,



મને આનંદ છે કે અજય જાડેજા નવાનગરના નવા જામસાહેબ હશે. મને લાગે છે કે આ જામનગરની જનતા માટે આશીર્વાદ રૂપ હશે. પૂર્વ ક્રિકેટર અજય જાડેજા જામનગરના છે અને નવાનગર રાજવી પરિવાર સાથે સંબંધ ધરાવે છે. તેઓ પહેલેથી જ જામ સાહેબ શત્રુશલ્યસિંહજીની નજીક રહ્યા છે અને મનાતું હતું કે તેઓ જ નવા જામસાહેબ હશે.

અત્રે જણાવવાનું કે અજય જાડેજાનો જન્મ ૧ ફેબ્રુઆરી ૧૯૭૧ના રોજ જામનગરના રાજવી પરિવારમાં થયો હતો. તેમનું આખુ નામ અજયસિંહજી દૌલતસિંહજી જાડેજા છે. તેઓ જામનગરના શાહી વંશજ છે. જામનગર પહેલા નવાનગરના નામથી ઓળખાતું હતું. જ્યાં પૂર્વ સ્વતંત્ર ભારતમાં જાડેજા રાજવંશનું એક રજવાડું હતું.

બેલા ગામ નજીક યુવાનની હત્યા કરવામાં આવી

## મોરબીમાં યુવાનનું અપહરણ કરી કરપીણ હત્યા કરતા સનસનાટી

### ઇજાગ્રસ્ત યુવાનને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો, જ્યા તેનું મોત નિપજ્યું

। બ્યુરો,મોરબી,તા.૧૨ ।

મોરબીમાં યુવાનનું અપહરણ કરીને હત્યા કરવામાં આવી છે. બેલા ગામ નજીક યુવાનની હત્યા કરવામાં આવી છે. આઠ શખ્સોએ તેને લાકડી અને પથ્થર વડે હુમલો કર્યો હતો. ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સારવાર દરમિયાન યુવાનનું મોત નીપજ્યું હતું.

જૂની અદાવતના લીધે યુવાનની હત્યા કરવામાં આવી હોવાનું કુટુંબે જણાવ્યું હતું. લાકડી પથ્થર વડે માર મારતા ઈજાગ્રસ્ત મૃતક રવિને સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.



સિવિલમાં ખસેડવામાં આવતા સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

રવિ પરસોત્તમ માનેવાડિયા (૨૩)નું ત્રાજપર વિસ્તારમાંથી સાતથી આઠ શખ્સો અપહરણ કરીને લઈ ગયા હતા.રવિ નામના યુવાનને તમામ શખ્સોએ બેફામ માર માર્યો હતો. અપહરણ કરીને લઈ જવામાં આવેલા યુવાનને તેઓએ ગોંધી રાખ્યો હતો. મૃતકના કુટુંબીજનોએ જૂની અદાવતના લીધે હત્યા થઈ હોવાનું જણાવ્યું હતું.

આ પહેલા બનેલી ઘટનામાં મોરબીમાં હત્યાનો કિસ્સો સામે આવ્યો છે. આ બનાવમાં પતિ પત્નીની હત્યા કર્યા બાદ તેના મૃતદેહ સાથે ૪૫૦ કિ.મી. અંતર કાપી વતન પંહોચ્યો. મૃતકના દિકરાએ આ મામલે ફરિયાદ કર્યા બાદ પોલીસે આરોપી પતિની ધરપકડ કરી. મોરબીના ખાનગપર ગામની આ ઘટનામાં ફરિયાદ બાદ પોલીસે આરોપની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે.

લગ્નની શરણાઈ ગૂંજશે | ૧૪ ડિસેમ્બરની અડધી રાત બાદ ખરમાસ શરૂ થઈ જશે, એટલા માટે તે તારીખમાં દિવસમાં વિવાહ કરવા શુભ રહેશે

## લગ્ન માટે નવેમ્બર-ડિસેમ્બરમાં માત્ર ૧૮ શુભ મુહૂર્ત

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૨ ।

સનાતન ધર્મમાં વિવાહ સંસ્કાર માટે શુભ મુહૂર્તની રાહ જોવામાં આવે છે. જ્યોતિષવિદો અનુસાર જે લગ્ન શુભ મુહૂર્ત વગર કરવામાં આવે છે, તે સફળ થવાની સંભાવના ખુબ જ ઓછી હોય છે. જેના કારણે દરેકના માતા-પિતા પોતાના બાળકોના વિવાહ નક્કી કરીને યોગ્ય મુહૂર્તની રાહ જોતા હોય છે અને ત્યારબાદ જ લગ્નનો આખો પ્રોગ્રામ ફાઈનલ કરે છે. વિવાહની આ સીઝન દર વર્ષે દેવઉઠી એકાદશી બાદ શરૂ થાય છે. આવો તમને જણાવી દઈએ કે આ વર્ષ દેવઉઠી એકાદશી ક્યારે



છે અને આ વર્ષે લગ્નના કેટલા શુભ મુહૂર્ત ઉપલબ્ધ થવા જઈ રહ્યા છે.

જ્યોતિષ શાસ્ત્રો અનુસાર, આ વર્ષ દેવઉઠી એકાદશી ૧૨ નવેમ્બર ૨૦૨૪ના રોજ છે. આ વર્ષ એટલે કે ૧ જાન્યુઆરી બાદ વિવાહ માટે કુલ ૭૧ શુભ મુહૂર્ત નીકળ્યા હતા, જેમાંથી હવે ૩૧ ડિસેમ્બર સુધી માત્ર ૧૮ શુભ મુહૂર્ત બચ્યા છે. બીજા શબ્દોમાં કહીએ તો આ તારીખોમાં લગ્ન કરવા માટે હવા મારામારી રહેશે. તમને આ તારીખો માટે કમ્યુનિટી સેન્ટર, બેન્ડ વાજા, કેટરિંગ સહિત ઘણી ચીજો બુક કરવામાં ઝડપ લાવવી પડશે નહીં તો બાદમાં મુશ્કેલીનો સામનો કરવો પડશે.

નવેમ્બર મહીનાનું પહેલું શુભ મુહૂર્ત ૧૨ નવેમ્બર મંગળવારે રહેશે એટલે કે દેવઉઠી એકાદશીની સાથે લગ્ન વિવાહની સીઝન શરૂ થઈ જશે. ત્યારબાદ નવેમ્બર મહીનામાં ૧૬, ૧૭, ૧૮, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૮ અને ૨૯ નવેમ્બરની તારીખો પર શુભ મુહૂર્ત રહેશે. ડિસેમ્બરની વાત કરીએ તો તેમાં ૩, ૪, ૫, ૯, ૧૦, ૧૧, ૧૩ અને ૧૪ ડિસેમ્બરે લગ્ન માટે શુભ મુહૂર્ત રહેશે. ખાસ વાત એ છે કે ૧૪ ડિસેમ્બરની અડધી રાત બાદ ખરમાસ શરૂ થઈ જશે, એટલા માટે તે તારીખમાં દિવસમાં વિવાહ કરવા શુભ રહેશે. રાતમાં વિવાહ કરવાથી અનિષ્ઠ થઈ શકે છે.

સનાતન ધર્મના વિદ્વાનોના મતે આપણા જીવનમાં ગ્રહોની દશા અને દિશાની ઘણી અસર પડે છે. તેની દિશા-દશાથી જ શુભ મુહૂર્તનું નિર્માણ થાય છે. આ મુહૂર્તમાં જે પણ કામ કરવામાં આવે છે, તે સફળ થવાની સંભાવના પ્રબળ હોય છે. આ રીતે આ શુભ મુહૂર્તમાં થનાર વિવાહ પણ સફળ થવાની શક્યતા વધી જાય છે.




લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬


## સુરતના માંગરોળમાં થયેલા ગેંગરેપ કેસમાં તપાસનો ધમધમાટ શરૂ

# ગેંગરેપ કેસમાં આરોપીના ૬ દિવસના રિમાન્ડ મંજુર, વોઇસ સ્પેક્ટોગ્રાફી કરવામાં આવશે

### ગુનાને અંજામ આપ્યા બાદ આરોપી રાજુએ બાઈકના માલિક તન્વીર સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી

। પ્રતિનિધિ,સુરત,તા.૧૨ ।

સુરતના માંગરોળમાં થયેલા ચકચારભર્સુયા ગેંગરેપ કેસમાં કોર્ટટે આરોપી રાજુના ૬ દિવસના રિમાન્તડ મંજુર કર્યા હતા. માંગરોળના મોટા બોરસરાની સીમમાં ૮ ઓક્ટોબરે સગીરા પર ગેંગરેપ થયો હતો. એના ત્રીજા આરોપી રામસજીવન ઉર્ફે રાજુને ૧૦ ઓક્ટોબરે અમદાવાદના સાબરમતી રેલવે સ્ટેશનથી ઝડપી લીધો હતો. આજે રાજુને લઈ પોલીસ કોર્ટ પહોંચી હતી. પોલીસે ૧૪ દિવસના રિમાન્ડની માગણી કરી હતી, જો કે, કોર્ટે ૬ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. જ્યારે મૃતક આરોપી શિવશંકરના આજે દશેરાના દિવસે અગ્નિદાહ આપવામાં આવ્યો હતો.



રિમાન્ડ દરમિયાન આરોપી રાજુનો વોઈસ સ્પેક્ટોગ્રાફી કરવામાં આવશે. પોલીસને પૂરાવા મળ્યા છે કે, જે બાઈકનો ઉપયોગ ગુના સમયે આરોપીઓએ કર્યો છે તે બાઈકના માલિક તન્વીર સાથે તેઓએ ગુના બાદ વાતચીત કરી હતી અને દુષ્કર્મ કર્યા હોવાની વાત પણ જણાવી હતી. આ જ કારણ છે કે, તન્વીર સાથે થયેલી વાતચીતના પૂરાવા મળ્યા બાદ હવે રાજુનો વોઈસ સ્પેક્ટોગ્રાફી કરવામાં આવશે.ગુનાને અંજામ આપ્યા બાદ આરોપી રાજુએ બાઈકના માલિક તન્વીર સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. જે માટે હવે પોલીસ વોઈસ સ્પેક્ટોગ્રાફી કરાવશે. કારણ કે, તન્વીરે રાજુ સાથે થયેલી વાતચીત રેકોર્ડ કરી લીધી હતી.

જેમાં તેણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ત્રણેય આરોપીઓએ સગીરા સાથે દુષ્કર્મ આચાર્યું છે અને આ પોલીસ માટે એક મહત્વનો પૂરાવો પણ છે.સરકારી વકીલ નયન સુખડવાલાએ જણાવ્યું હતું કે, આરોપી રાજુની ધરપકડ કર્યા બાદ આજે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. કુલ ૯ લેખિત રિમાન્ડ માટે રજૂ કરવામાં આવ્યા. તે પૈકી આરોપીની ઓળખ પરેડ, કેટલાક એફએસએલના પૂરાવા મેળવવાના છે તે રિમાન્ડના મુદ્દાઓમાં સામેલ છે. આ સાથે વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી કરાવવાની છે. મેડિકલ એવિડન્સ અને મોટરસાયકલ બાબતે પણ પૂછપરછ કરવામાં આવશે. ગુનામાં મોટરસાયકલનો પણ ઉપયોગ થયો છે. સતત પોલીસ કસ્ટડીની આ બાબતે જરૂરિયાત છે. જે માટે આ રિમાન્ડના મુદ્દાઓ કોર્ટ સમક્ષ મૂકવામાં આવ્યા હતા. કોર્ટે ૧૭મી ઓક્ટોબર સુધી આરોપીના રિમાન્ડ આપ્યા છે. આરોપી વિરુદ્ધ કેટલાક પૂરાવા મળ્યા છે જે માટે વોઈસ સ્પેક્ટોગ્રાફી જરૂરી છે. ગુના બાદ એક આરોપી કંઈક વાતચીત કરી હોય તે પૂરાવા મળ્યા છે. ત્રણેય આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. કુલ ૨૦થી વધુ ગુના ત્રણેય આરોપીઓએ કર્યા છે તે અંગે પણ તપાસ કરાશે.

માંગરોળના મોટા બોરસર ગામે સગીરા પર ત્રણ નરાધમે દુષ્કર્મ આચર્યું હતું, જેમાંથી એક શિવશંકરનું પોલીસ કસ્ટડીમાં શ્વાસની તકલીફ થતાં નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

## ડોદરાના સાગાડોલ ગામ નજીક બે બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૨ ।

રાજ્યમાં રોડ અકસ્માતની ઘટનાઓ સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે વડોદરાના સાગાડોલ ગામ નજીક ૧૧મી ઓક્ટોબર મોડી રાત્રીના બે બાઈક વચ્ચે ભીષણ અકસ્માત સર્જાયો હતો. જેમાં બે યુવાનોના મૃત્યુ નિપજ્યા હતા. યુવાનના મોતથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ છે.મળતી માહિતી અનુસાર, સાગાડોલ ગામ નજીક સર્જાયેલા બાઈક અકસ્માતમાં વડોદરાના વેડપૂર ગામના નિલેશ ચૌહાણ અને સાગાડોલ ગામના રાજેન્દ્ર મકવાણાનું મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે બાઈક પર સવાર અન્ય એક યુવક ઈર્જાગ્રસ્ત થયો હતો. અકસ્માત સર્જાતા આસપાસથી લોક ટોળા ઉમટી પડ્યા હતા અને આ ઘટના અંગે પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. બને મૃતકોના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી. જ્યારે મૃતકોના પરિવારજનો ને અકસ્માત અંગે જાણ કરતા પરિવારજનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા

## દશેરા પર ઉપર વિનામૂલ્યે બનાવી આપે છે રાવણનું પૂતળું

। પ્રતિનિધિ, તાપી, તા ૧૨ ।

તાપી જિલ્લાના વ્યારામાં દશેરાના પર્વને લઈને હિન્દૂ-મુસ્લિમ ભાઈચારાની અનોખી મિશાલ સામે આવી છે. વ્યારામાં એક મુસ્લિમ બિરાદર રાવણના પૂતળાની છેલ્લા ૧૦થી વધારે વર્ષથી વિનામૂલ્યે બનાવટ કરી સેવા આપી રહ્યા છે અને હિંદુ તહેવારમાં સહભાગી થઈને કોમી એકતાની મિશાલ પુરી પાડે છે. વ્યારામાં ઉત્તર ભારતીય સમાજ દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી લગભગ ૪૦ થી ૫૦ ફૂટ ઊંચા રાવણના પૂતળાની બનાવટ કરી અને દહન કરવામાં આવે છે. રાવણના પૂતળાને બનાવટમાં સમાજના યુવાનો સહિત મુસ્લિમ સમાજના લોકો દ્વારા વિનામૂલ્યે અને નિઃસ્વાર્થ પણે મદદ કરવા આવે છે. વ્યારામાં એક મુસ્લિમ બિરાદર રાવણના પૂતળાની છેલ્લા ૧૦થી વધારે વર્ષથી વિનામૂલ્યે બનાવટ કરી સેવા આપી રહ્યા છે અને હિંદુ તહેવારમાં સહભાગી થઈને કોમી એકતાની મિશાલ પુરી પાડે છે.

## ગુજરાતના પ્રથમ સહકારી મોલ 'ગુજકો માર્ટ'નો શુભારંભ થયો

। પ્રતિનિધિ,,અમદાવાદ,તા.૧૨ ।

ગુજરાત રાજ્યની પહેલી સહકારી સુપર માર્કેટ 'ગુજકો માર્ટ'નો અમદાવાદમાં સાયન્સ સિટી રોડ પર શુભારંભ થયો છે. ગુજરાત કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન - ગુજકોમાસોલ દ્વારા આ સહકારી સુપરમાર્કેટ - મોલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુશાસન- નેતૃત્વકાળને ૨૩ વર્ષ પૂર્ણ થવા પર રાજ્યભરમાં વિકાસ સપ્તાહ ઊજવાઈ રહ્યું છે ત્યારે ગુજરાતમાં 'સહકારી સુપર માર્કેટ' રિટેલ ચેઈનના વિકાસની દિશા ખૂલી છે. સહકારી સંસ્થા ઈફકોના ચેરમેન દિલીપ સાંઘાણી તેમજ ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંકના ચેરમેન અજય પટેલ દ્વારા આ સહકારી સુપર માર્કેટ - ગુજકો માર્ટને જનતા માટે ખુલ્લી મૂકવામાં આવી હતી.

ગુજકો માર્ટના લોકાર્પણ પ્રસંગે દિલીપ સાંઘાણીએ જણાવ્યું કે, વડાપ્રધાને ખેડૂતોની આવક બમણી કરવા માટે સહકારથી સમૃદ્ધિ સાધવાનો, ઓર્ગેનિક ધાન્ય, મીલેટને પ્રોત્સાહન આપવાનો તેમજ આત્મનિર્ભરતાનો રાહ ચીંધ્યો છે. આ માર્ગે આગળ વધીને ગુજકોમાસોલ રાજ્યના ખેડૂતોને મદદરૂપ થઈ શકે તે માટે ગુજકો માર્ટનો પ્રારંભ કરાયો છે.તેમણે વધુમાં કહ્યું કે અલગ અલગ ખેત ઉત્પાદન જે જિલ્લામાં થતું હોય તેનું મૂલ્યવર્ધન (વેલ્યૂ એડિસન) કરીને લોકો સમક્ષ મૂકવા માટે ગુજકોમાસોલ કાર્યરત છે.

## રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ્સ નિયમન તંત્રની નબળી કામગીરી

# અમદાવાદ, સુરત, ગીરમાંથી નકલી ઘી, તેલનો ૧ કરોડનો જથ્થો જપ્ત

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૨ ।

તહેવારોની ઉજવણી માટે નાગરિકોમાં ભારે ઉત્સાહ હોય છે અને આ ઉત્સાહનો ગેરફાયદો ઊઠાવવા ભેળસેળીયા તત્વોએ કાયદો અને તંત્રનો ભય રાખ્યા વગર જ બેફામપણે ભેળસેળ કરી લોકોના આરોગ્ય અને જીવ સાથે ચેડાં કરતાં ખચકાતા નથી. રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ્સ નિયમન તંત્રની નબળી કામગીરીના કારણે બેફામ બનેલા આવા તત્વો તહેવારોના સમયે માજા મુકતા હોય છે. નવરાત્રિ પૂરી થઈ અને શનિવારે દશેરાનો તહેવાર ઉજવવા માટે લોકોએ આયોજનો કર્યા છે બીજી તરફ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ સહિતના મોટા શહેરોમાં મોટા પાયે ભેળસેળવાળુ ખાદ્યતેલ અને શંકાસ્પદ ઘીના જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે. અમદાવાદ શહેરની નજીક આવેલા સાણંદના ચાંગોદરમાં તંત્ર દ્વારા રિસ્ક ઈન્ડિયા નામના ગોડાઉન પર દરોડો પાડી સ્વસ્તિક બ્રાન્ડના શંકાસ્પદ ઘીના જથ્થાને સીઝ કરવામાં આવ્યો છે. રૂ.૩૭ લાખની કિંમતના શંકાસ્પદ ઘીનો લગભગ ૬૮૨૫ કિલો જથ્થો અને ગોડાઉનને સીલ કરી આરોગ્ય વિભાગે નમુના લીધા છે. હવે નમુનાનો રિપોર્ટ આવશે પછી આગળની કાર્યવાહી થશે. સૌથી નવાઈની વાત એ છે કે તહેવારો ટાણે મોટાપાયે નમુના લેવામાં આવે છે પરંતુ તેના રિપોર્ટ બેથી છ મહિને આવતાં હોય છે ત્યાં સુધીમાં બનાવટી અથવા ભેળસેળવાળા ફરસાણ, મીઠાઇ અને ખાદ્યચીજોના વેચાણ થઇ ચૂક્યા હોય છે. લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતાં આવા નમુનાના રિપોર્ટ ગણતરીના દિવસોમાં જ મળી જાય એવી વ્યવસ્થા ગોઠવવાની જાહેરાત કાગળ પર રહેતી હોય છે.દરમિયાન, ગીરસોમનાથના ઉનામાં કલેક્ટર તંત્ર દ્વારા એક ફેક્ટરીમાં તપાસ દરમિયાન બ્રાન્ડેડ ખાદ્યતેલની કંપનીઓના સ્ટીકરોનો જથ્થો મળી આવ્યો હતો. તપાસ કરતાં ફેક્ટરીમાં સીંગતેલ અને કપાસિયા તેલનો રૂ.૩૧.૫૦ લાખની કિંમતનો જથ્થો ભેળસેળવાળો માલુમ પડ્યો હતો. તેને સીલ કરી નમુના લેવાયા છે. આ જ રીતે સુરતના અડાજણ પછી વરાછા વિસ્તારમાંથી સુમુલ શુધ્ધ ઘીના બદલે બનાવટી ઘીના ૭૧ ડબ્બાનો જથ્થો મળી આવ્યો હતો.

## ભરૂચના મૌઝા ગામમાં હનુમાનજી મંદિરમાં તસ્કરોએ કર્યો હાથફેરા

। પ્રતિનિધિ,ભરૂચ, તા.૧૨ ।

હનુમાનજી મંદિરમાં તસ્કરોએ કર્યો હાથફેરો, દાન પેટી તોડી રોકડ સહિત સોના ચાંદીના દાગીના ચોર્યા ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાના મૌઝા ગામે ચોરોએ હનુમાનજી મંદિરને ટાર્ગેટ કર્યું હતું. ચોરોને ભગવાનનો પણ ડર નથી રહ્યો. મંદિરમાં ઘૂસી દાનપેટી તોડી ૪૦ હજાર રૂપિયાથી વધુની રોકડ રકમ ઉપરાંત હનુમાનજીના સોના ચાંદીના દાગીનાની ચોરી કરીને ફરાર થઈ ગયા છે. પોલીસે આ બાબતે તપાસ હાથ ધરી છે. જણાવી દઈએ કે, નેત્રંગના મૌઝા ગામના હનુમાન મંદિરને નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ દાન પેટીની રોકડ સહિત ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. સુપ્રસિદ્ધ પવનપુત્ર હનુમાનજી મંદિરના મુખ્ય દરવાજાનો ઈન્ટર લોક તોડી મંદિરની અંદર પ્રવેશ કરીને મંદિરની દાન પેટી બહાર લઈ જઈ તેનું લોક તોડીને રોકડ ચાલીસ હજાર ઉપરાંત હનુમાન દાદાની મુર્તિના પગ પાસે મુકેલ ચાંદીનાં ચાર લાડુ, ચાંદીનાં છ છત્ર વગેરેની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા.

## માત્રે ૪૦ રૂપિયાની ઉધારી માટે યુવકની હત્યા કરાતા ચકચાર

। પ્રતિનિધિ,સુરત,તા.૧૨ ।

રાજસ્થાનના ભરતપુરના એક યુવકની ૪૦ રૂપિયાની ઉધારી માટે હત્યા કરવામાં આવી હતી. મૃતકની ઓળખ જીતેન્દ્ર જાટવ તરીકે થઈ છે, જે ગામમાં ચાઉ મીન વેચતો હતો.બુધવારે મોડી રાત્રે સુરજીત અને સતીશ નામના બે યુવકો તેની ગાડીમાં ચાઉ મીન ખાવા આવ્યા હતા. ચાઉ મીન ખાધા બાદ બંનેએ પૈસા આપવાની ના પાડી દીધી હતી. જ્યારે જીતેન્દ્ર અને તેના ભાઈએ બંને યુવકો પાસે ચાઉ મેં માટે ૪૦ રૂપિયા માંગ્યા ત્યારે તેઓએ તેમની સાથે દુર્વ્યવહાર કર્યો.મળતી માહિતી મુજબ, સતીશ અને સુરજીતે હાથગાડી ચાલક જીતેન્દ્રના માથા પર ધારદાર હથિયાર વડે હુમલો કર્યો હતો. બચાવ દરમિયાન તેનો ભાઈ ગોપાલ પણ ઘાયલ થયો હતો. પરિવાર ઘાયલ જિતેન્દ્ર અને ગોપાલને ભરતપુરની આરબીએમ હોસ્પિટલમાં લઈ ગયો હતો.




### અહી દર્શન માટે દૂર દૂરથી આવે છે શ્રદ્ધાળુઓ

# રૂપાલ ગામમાં વરદાયિની માતાની પલ્લીમાં લાખો લિટર શુદ્ધ ઘીનો અભિષેક થયો

**શેરીઓમાં ઘીની નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા । પલ્લીના દર્શન કરીને ભક્તો ધન્ય બન્યા**

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૨ ।

દર વર્ષે ગાંધીનગરના રૂપાલ ગામે વરદાયિની માતાની પલ્લી નીકળે છે. જેમાં શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં દર્શન માટે આવતા હોય છે અને પલ્લી પર શુદ્ધ ઘીનો અભિષેક કરતા હોય છે. આ વર્ષે પણ રૂપાલ ગામે નીકળેલી પલ્લીમાં લાખો લીટર ઘીનો અભિષેક થયો છે. શ્રદ્ધાળુઓ દર વર્ષે અહીં દર્શન કરવા માટે દૂર દૂરથી આવતા હોય છે.



આ વર્ષે રૂપાલ ગામમાં નીકળેલી પલ્લી પર લાખો લિટર શુદ્ધ ઘીનો અભિષેક થયો છે. મળતી માહિતી પ્રમાણે પલ્લી ઉત્સવમાં ૪ લાખ લિટરથી વધુ ઘી અર્પણ કરાયું છે. માનતાના ભાગ રૂપે પણ પલ્લી પર શુદ્ધ ઘીનો અભિષેક કરવામાં આવ્યો. શેરીઓમાં ઘીની નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા. ૧૨ લાખથી વધુ ભાવિકોએ રૂપાલની પલ્લીના દર્શન કર્યા. મંદિર ઉપરાંત ગામમાં ૨૪ સ્થળોએ માતાની પલ્લી રોકાઈ હતી.

ઉલ્લેખનીય છે કે રૂપાલ ગામે પલ્લીની આ પ્રથા મહાભારત કાળથી ચાલતી આવે છે. દંતકથા અનુસાર પાંડવોએ અજ્ઞાતવાસમાં જતા પહેલાં તેમના શસ્ત્રો છૂપાવ્યા હતા અને તે માટે તેમણે દેવીનું આહ્વાન કર્યું હતું. વરદાયિની માતાએ પ્રગટ થઈ પાંડવોને વરદાન આપ્યું હતું કે તેમનો અજ્ઞાતવાસ નિર્વિઘ્ને પાર પડશે. તો સામે પાંડવોએ પણ સંકલ્પ કર્યો હતો કે શારદીય નવરાત્રીની નવમી રાત્રે તેઓ વરદાયિની માતાના રથને બહાર કાઢીને ઘીનો અભિષેક કરાવશે. માન્યતા અનુસાર તે સમયથી આ પરંપરા ચાલી રહી છે. લાખો શ્રદ્ધાળુઓ માનતાના ભાગ રૂપે પણ વરદાયિની માતાને ઘી અર્પણ કરે છે. ખાસ તો બાળકોને પણ પલ્લીના આશીર્વાદ લેવડાવે છે. આ ઉપરાંત રૂપાલ ગામે પાલખી યાત્રા દરમિયાન વાહન પાર્કિંગની પણ વ્યવસ્થા કરી હતી અને ભક્તો માટે ભોજન સમારંભ અને વિનામૂલ્યે નાસ્તાની પણ વ્યવસ્થા કરી હતી. પાંડવ કાળથી ચાલતી યાત્રાની વર્ષો જૂની પરંપરા આજે પણ રૂપાલ ગામમાં યોજાય છે. અહીં લાખો લોકો દર્શન માટે આવે છે. આ યાત્રાનું આયોજન વર્ષ દરમિયાન માતાજીના નવલા નોરતાના નવમા નોરતા દરમિયાન કરવામાં આવે છે.

આ પાલખી યાત્રામાં ગુજરાતભરમાંથી તેમજ ભારતના વિવિધ રાજ્યોમાંથી પણ લોકો દર્શન કરવા આવે છે અને ધન્યતા અનુભવે છે. પરંતુ યાત્રા દરમિયાન અંદાજે ૧૦ થી ૧૨ કરોડ રૂપિયાનું ઘી એકત્ર કરી અભિષેક કરવામાં આવે છે. જ્યારે ૩ લાખથી વધુ ભક્તો આવીને દર્શન કરે છે. સદીઓ જૂની પરંપરા અનુસાર પલ્લીમાં ઘી ચઢાવવામાં આવ્યું છે. આ વર્ષે પણ પરગણાને કરોડો રૂપિયાથી વધુ કિંમતના ઘીથી પવિત્ર કરવામાં આવ્યું હતું. ત્યારે આ વર્ષે આયોજીત પલ્લીમાં મોટી સંખ્યામાં ભક્તોએ હાજરી આપી હતી.

### મુખ્યમંત્રી નિવાસના પ્રાંગણમાં શસ્ત્રોનું પૂજન

# વિજયાદશમીના દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરક્ષાકર્મીઓ સાથે શસ્ત્રપૂજન કર્યું

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૨ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિજયાદશમીના પાવન પર્વે શસ્ત્ર પૂજન કરીને શસ્ત્ર અને શાસ્ત્ર રક્ષાનું મહાત્મ્ય ઉજાગર કર્યું હતું. આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયના પ્રતીક સમાન દશેરા વિજ્યા દશમી તહેવારે શસ્ત્રપૂજનની ભારતીય સંસ્કૃતિમાં સદીઓથી પરંપરા રહેલી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પરંપરા અનુસાર મુખ્યમંત્રી નિવાસના પ્રાંગણમાં પોતાના સુરક્ષા-સલામતી રક્ષકોના શસ્ત્રોનું પૂજન શાસ્ત્રોક્ત વિધિથી કર્યું હતું તથા સુરક્ષા કર્મીઓને વિજયાદશમી પર્વની શુભકામનાઓ પણ પાઠવી હતી.મુખ્યમંત્રીએ સુરક્ષા કર્મીઓને પ્રેરણા આપતા ફરજ, કર્તવ્યભાવના સાથે કર્મબંધન જોડાયેલુ છે તેની વિસ્તૃત સમજ આપી હતી. તેમણે કહ્યું કે રક્ષા-સુરક્ષાનું દાયિત્વ નિભાવવા સાથો સાથ સંવેદના,કરુણા અને સતકર્મો થકી મોક્ષ પ્રાપ્તિનો વિચાર પણ રાખીને કર્તવ્યરત રહીએ તે જ સાચો કર્મયોગ અને ફરજનિષ્ઠા ભાવના છે. મુખ્યમંત્રી સુરક્ષા વ્યવસ્થા સંભાળતા સુરક્ષા કર્મીઓના વડા પોલીસ અધિક્ષક ચિંતન તેરૈયા એ મુખ્યમંત્રી ને શસ્ત્ર પૂજન અવસરે આવકાર્યા હતા.મુખ્યમંત્રી સુરક્ષા-સલામતી વ્યવસ્થાના નાયબ પોલીસ અધિક્ષકો, પોલીસ ઈન્સ્પેક્ટરો, તેમજ પી.એસ.આઈ. અને કમાન્ડોઝ તેમજ વાહન ચાલકો વગેરે આ શસ્ત્ર પૂજનમાં જોડાયા હતા.

# ગુજરાત હાઇકોર્ટે રાજ્ય સરકારની ઝાટકણી કાઢી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૨ ।

ગુજરાત રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ખાલી પડેલી જગ્યાઓ તેમ જ ગુજરાત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ પંચમાં ખાલી પડેલી પ્રમુખ અને મેમ્બર્સની જગ્યાઓ મામલે થયેલી રિટ અરજીમાં ગુજરાત હાઈકોર્ટે સરકારને માર્મિક ટકોર કરતાં જણાવ્યું હતુ કે, ખાલી જગ્યાઓના કારણે જિલ્લા ફોરમ કામ જ ના કરતુ હોય તો તેની રચનાનો શું મતલબ..? એકબાજુ રાજ્યમાં બેરોજગાર લોકો છે ને બીજીબાજુ, સરકાર ખાલી જગ્યાઓ ભરતી નથી. અગાઉ કોર્ટને જણાવાયું હતું કે, રાજ્યના જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં ૩૮ માંથી પ્રેસિડેન્ટની ૨૦ રાજ્યના જિલ્લા ગ્રાહક તકરાર નિવારણજગ્યાઓ અને ૭૬ માંથી ૪૭ જ્યુડીશિયલ મેમ્બરની જગ્યાઓ ખાલી છે. આસીસ્ટન્ટ ડિરેકટરની જગ્યાઓ પૈકી ૧૪ જગ્યાઓ પ્રમોશનથી ભરવાની થાય છે.







## તંત્રી લેખ..

# કાશ્મીર ખીણની હકીકત

જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ સ્થિતી ધીમે ધીમે સુધરી રહી છે પરંતુ હજુ પણ એટલી સફળતા મળી નથી જેટલી અપેક્ષા રાખવામાં આવી રહી છે. ત્રાસવાદીઓની સામે ઓપરેશન ઓલઆઉટ હજુ જારી છે. જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકો સંતુષ્ટ છે. સાથે સાથે જનજીવન પહેલા કરતા સામાન્ય બન્યુ છે. પહેલા થતી દરરોજની પથ્થરબાજીની ઘટના હવે બની રહી નથી પરંતુ બનાવો તો હજુ પણ બની રહ્યા છે. જેથી લોકોમાં વધારે વિશ્વાસ જગાવવા માટેની જરૂર દેખાઈ રહી છે. કેન્દ્ર સરકાર ચોક્કસપણે આ દિશામાં આગળ વધતી નજરે પડી રહી છે પરંતુ કટ્ટરપંથીઓ અને હિંસક તત્વો પર બાજ નજર રાખવાની તાકીદની જરૂર દેખાઈ રહી છે. કારણ કે આવા તત્વોના કારણે સામાન્ય લોકોની પરેશાની વધી રહી છે. લાંબા સમયથી ત્રાસવાદી હિંસા અને અશાંતિના પરિણામસ્વરૂપે સામાન્ય લોકોની સાથે સાથે પ્રવાસીઓ પણ સતત મુશ્કેલી અનુભવ કરે છે. જરૂર લાંબા સમયથી દહેશતનો સામનો કરી રહેલા જમ્મુ કાશ્મીરમાં સળગી રહેલી આગને શાંત કરવા માટેની રહેલી છે. લોકશાહી રીતે સરકાર ચૂંટી કાઢવા માટેની પણ બાબત જરૂરી બની છે. ક્યારેક ક્યારેક સંકેતોમાં આપવામાં આપવામાં આવેલા નિવેદનના કારણે પણ સીધી માર કરે છે. જમ્મુ કાશ્મીરના રાજ્યપાલના નિવેદનને લઈને પણ આવુ જ બન્યુ છે. ભ્રષ્ટાચારના કારણે આ પ્રકારના સ્થિતી સર્જાઇ ગઇ છ. રાજ્યપાલ તરીકેની કેટલીક બંધારણીય મર્યાદા પણ રહેલી છે. પરંતુ જ્યારે તેઓ કહે છે કે કાશ્મીરમાં ખુબ વધારે રાજનેતા અને ટોપ અધિકારીઓ છે અને આ લોકો ભ્રષ્ટાચારમાં ડુબેલા છે તો ચિંતા વધી જાય તે સ્વાભાવિક છે. રાજકીય લોકો માટે ટિકા ટિપ્પણી માટે અલગ અલગ અભિપ્રાય હોઈ શકે છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં કાશ્મીરમાં જે સ્થિતી સર્જાઇ છે તેના માટે જવાબદાર કોણ છે તેના પર વિચારણા કરવાની બાબત વધારે જરૂરી છે. રાજ્યપાલે જે કઈ પણ કહ્યુ તેમાં એક હદ સુધી વાસ્તવિકતા પણ છે. પડોશી દેશ પાકિસ્તાનની ભાષા બોલનાર કાશ્મીરના કેટલાક રાજનેતા જ્યારે ત્રાસવાદીઓની તરફેણ કરવા માટે મેદાનમાં ઉતરે છે ત્યારે તેમના અસલી ચહેરા પણ સપાટી પર આવી જાય છે. એકબાજુ આવા નેતાઓ અને અધિકારીઓ શાંતિ સ્થાપિત કરવાની વાત કરે છે જ્યારે બીજી બાજુ આ લોકો નિષ્પક્ષ ચૂંટણી ન થાય તેવા પ્રયાસ પણ કરે છે. છેલ્લા વર્ષોમાં અમે જોઇ ચુક્યા છીએ કે માત્ર દસ ટકા વોટ હાંસલ કરનાર પણ કાશ્મીરમાંથી સંસદમાં પહોંચી રહ્યા છે. જ્યારે પણ કાશ્મીરમાં ત્રાસવાદને કચડી નાંખવા માટેના પ્રયાસ કરવામાં આવે છે ત્યારે માનવ અધિકારના મુદ્દાને ઉઠાવીને અડચણો ઉભી કરવાના પ્રયાસ કરવામાં આવે છે. ભ્રષ્ટાચારના મામલામાં જ્યારે રાજનેતાઓ અને ટોપ અધિકારીઓના નામ આવે છે ત્યારે લાગે છે કે રાજયપાલે કોઈ વાત ખોટી કરી નથી. પરંતુ કોઈને ગોળી મારી દેવાની બાબત પણ હિંસાને પ્રોત્સાહન આપે છે. કેન્દ્ર સરકાર તમામને સાથે રાખીને શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણીની તૈયારી પણ કરવી જોઇએ.

# આધુનિક માતા સક્રિય ઓછી



હાલમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે આધુનિક માતાઓ હવે શારીરિક રીતે ઓછી સક્રિય થઈ છે અને વધુ સમય ટીવી નિહાળવામાં ગાળે છે. ૧૯૬૦ના દશકમાં માતાઓ શારીરિક રીતે ઘરમાં વધારે સક્રિય રહેતી હતી. તેની સરખામણીમાં હવે શારીરિક રીતે ઓછી સક્રિય રહે છે. આ જ કારણસર આધુનિક માતાઓ ફિટનેશને લઈને પણ ફરિયાદો કરતી રહે છે. અભ્યાસના તારણો ખૂબ જ મહત્વપૂર્ણ છે. અભ્યાસમાં કુકીંગ, સાફ સફાઈ, બાળકોની સંભાળ, લોન્ડ્રીંગ, કસરત જેવી બાબતો સિવાય માતાઓની અન્ય પ્રવૃત્તિમાં પણ અભ્યાસ કરવામાં આવ્યા બાદ તારણો જારી કરાયા છે. આમા જાણવા મળ્યું છે કે ૧૯૬૫થી ૨૦૧૦ સુધીના ગાળામાં માતાઓની અંદર શારીરિક પ્રવૃત્તિઓની સરેરાશ સમયગાળો ૧૪ કલાક ઘટી ગયો છે. મોટાભાગની મહિલાઓ આધુનિક સમયમાં શારીરિક પ્રવૃત્તિ કરતા ટીવી નિહાળવામાં વધારે સમય ગાળે છે. ૬થી ૧૮ વર્ષની વય ગ્રૂપના બાળકોની માતામાં શારીરિક પ્રવૃત્તિ એક સપ્તાહમાં ૧૧.૧ કલાક સુધી ઘટી ગઈ છે. જ્યારે પાંચ વર્ષ અથવા તો `તનાથી નીચેની વયના બાળકોની માતાઓમાં શારીરિક્ત પ્રવૃત્તિ એક સપ્તાહમાં ૧૪ કલાક સુધી ઘટી ગઈ છે. ઉર્જા ખર્ચમાં પ્રતિ સપ્તાહ ૧૨૩૮ કેલોરીનો ઘટાડો થયો છે.

આંકડા દર્શાવે છે કે ૨૦૧૦માં માતાઓ ૧૯૬૫માં માતાઓની સરખામણીમાં એક દિવસમાં ૧૭૫થી ૨૨૫ ઓછા પ્રમાણમાં કેલોરીનો ઉપયોગ કરે છે. તેમના વજનને જાળવી રાખવા માટે અગાઉની મહિલાઓ વધારે શારીરિક પ્રવૃત્તિઓ કરતી હતી. ઘરમાં રહેતી માતાઓની શારીરિક પ્રવૃત્તિ બે ઘણી ઘટી ગઈ છે. તેમના વર્તનમાં પણ ફેરફાર થયા છે.



**આજકાલ**

લેખક : દીપક જગતાપ

### ઇશ્વરની પરમ શક્તિ મનુષ્યની અંદર છે : દાદા

**દાદાનું કહેવું હતું કે ઇશ્વરની પરમ શક્તિ મનુષ્યની અંદર છે. જે મનુષ્ય સારા કામો કરે છે તેનું ગૌરવ ગાન થાય જ છે.૧૯મી ઓક્ટોબરે દર વર્ષે દાદાનો જન્મ દિવસ મનુષ્ય ગૌરવદિન તરીકે ઉજવાય છે**

# મનુષ્ય ગૌરવદિનના પ્રણેતા એટલે પૂ.પાંડુરંગ શાસ્ત્રી આઠવલે દાદા

**મનુષ્ય ગૌરવદિન એટલે પૂ. દાદાજીનાં નામે ઓળખાતા સ્વાધ્યાય પરિવારના પ્રણેતા પાંડુરંગ શાસ્ત્રી આઠવલેનો જન્મદિન જે દર વર્ષે ૧૯મી ઓક્ટોબરના દિવસે મનાવવામાં આવે છે**

મનુષ્ય ગૌરવદિનના પ્રણેતા એટલે પૂ.પાંડુરંગ શાસ્ત્રી આઠવલે દાદાનો જન્મદિવસ મનુષ્ય ગૌરવ દિવસ તરીકે ઉજવાય છે. દાદાનું કહેવું હતું કે ઈશ્વરની પરમ શક્તિ મનુષ્યની અંદર છે. જે મનુષ્ય સારા કામો કરે છે તેનું ગૌરવ ગાન થાય જ છે.૧૯મી ઓક્ટોબરે દર વર્ષે દાદાનો જન્મ દિવસ મનુષ્ય ગૌરવદિન તરીકે ઉજવાય છે.

મનુષ્ય ગૌરવદિન એટલે પૂ. દાદાજીનાં નામે ઓળખાતા સ્વાધ્યાય પરિવારના પ્રણેતા પાંડુરંગ શાસ્ત્રી આઠવલેનો જન્મદિન ગઈ કાલે જ ઉજવાઈ ગયો.જે દર વર્ષે મનાવવામાં આવે છે. સ્વાધ્યાય પરિવાર આ દિવસને મનુષ્ય ગૌરવ દિન તરીકે ઉજવે છે.

દાદા કહેતા કે, ઈશ્વરની પરમ શક્તિ મનુષ્યની અંદર છે. મનુષ્ય ગૌરવદિન એટલે પૂ. દાદાજીનાં નામે ઓળખાતા સ્વાધ્યાય પરિવારના પ્રણેતા પાંડુરંગ શાસ્ત્રી આઠવલેનો જન્મદિન જે દર વર્ષે ૧૯મી ઓક્ટોબરના દિવસે મનાવવામાં આવે છે. સ્વાધ્યાય પરિવાર આ દિવસને મનુષ્ય ગૌરવ દિન તરીકે ઉજવે છે.

પાંડુરંગ શાસ્ત્રી આઠવલે જેને દાદા/ દાદાજી તરીકે પણ ઓળખવામાં આવે છે,




જેનું શાબ્દિક ભાષાંતર મરાઠીમાં "મોટા ભાઈ" તરીકે થાય છે, તે ભારતીય કાર્યકર્તા, ફિલસૂફ, આધ્યાત્મિક નેતા, સામાજિક ક્રાંતિકારી, અને ધર્મ સુધારક હતા. જેમણે ૧૯૫૪માં સ્વાધ્યાય પરિવાર ની સ્થાપના કરી હતી.

સ્વાધ્યાય એ ભગવદ ગીતા પર આધારિત સ્વ-અધ્યયન પ્રક્રિયા છે જે ભારતમાં લગભગ ૧૦૦,૦૦૦ ગામડાઓમાં ફેલાયેલી છે, અમેરિકા, યુરોપ, મધ્ય પૂર્વ, ઓશનિયા અને અન્ય એશિયન દેશોમાં ૫૦ લાખ અનુયાયીઓ છે. ભગવદ્ ગીતા, વેદ અને ઉપનિષદો પરના તેમના પ્રવચન માટે જાણીતા, દાદાજી તેમના નિઃસ્વાર્થ કાર્ય અને શાસ્ત્રોમાં તેજસ્વી જ્ઞાન માટે પણ જાણીતા છે. પાંડુરંગ વૈજનાથ આઠવલેનોજન્મ ૧૯ ઓક્ટોબર ૧૯૨૦ના રોજ મહારાષ્ટ્ર (કોંકણ), ભારતના રોહા ગામમાં ચિત્પ ાવન બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેઓ સંસ્કૃત શિક્ષક વૈજનાથ શાસ્ત્રી આઠવલે અને તેમની પત્ની પાર્વતી આઠવલેને જન્મેલા પાંચ બાળકોમાંના એક હતા.

મૂળ વૈદિક ધર્મની ફિલસૂફી આ ચળવળનો આધાર છે. સ્વાધ્યાય પરિવારે ૧૯૭૮માં ભારતમાં અનુયાયીઓની મીટિંગ સાથે દર રવિવારે પોતાની સ્થાપ ના કરી, જ્યાં પ્રાર્થનાઓ ગાવામાં આવે છે અને આઠવલેનું વિડિયો રેકોર્ડિંગ ચલાવવામાં આવે છે સ્વાધ્યાય, જેનો નજીકથી અનુવાદ થાય છે "સ્વયંનો અભ્યાસ" એ વૈદિક ફિલસૂફી પર આધારિત પ્રક્રિયા છે, અને પરિવારના સભ્યોને "સ્વાધ્યાયી" કહેવામાં આવે છે. વર્ષોથી, આઠવલેના અનુયાયીઓ ભગવદ ગીતાના ઈનવેસ્ટિંગ ભગવાન અને ભગવાનના સાર્વત્રિક પ્રેમની વિભાવનાઓને લાખો લોકો સુધી લઈ ગયા છે. જાતિ, સામાજિક આર્થિક અવરોધોઅને ધાર્મિક ભિન્નતાઓથી આગળ વધીને. આઠવલે અંગત રીતે હજારો ગામડાઓની મુલાકાત લીધી. અને તેમના ભાઈઓ અને બહેનો (સ્વાધ્યાયી) વ્યક્તિગત રીતે દરેક ઘરે ગયા અને દરેક પરિવાર સાથે નિઃસ્વાર્થ સંબંધ સ્થાપિત કર્યો અને ગીતાના વિચારોનો પ્રસાર કરવા ઘરે ઘરે ગયા. અનુયાયીઓ સમગ્ર ભારતમાં આશરે ૧૦૦,૦૦૦ ગામડાઓ અને સમગ્ર વિશ્વમાં ઓછામાં ઓછા ૩૪ રાષ્ટ્રોમાં અનુયાયી છે.

દાદાજીને અનેક એવોર્ડ મળ્યા છે.જેમાં નોબલ પારિતોષિકને સમકક્ષ ગણાતો ટેમ્પલટન એવોર્ડ, ઉપરાંત (ધર્મ ક્ષેત્રે ક્રાંતિ માટે)મેગ્સેસે એવોર્ડ (સામાજિક ક્રાંતિ માટે)તથા ભારત સરકાર દ્વારા સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મ વિભૂષણ એવોર્ડ પણ મળ્યો છે.તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ડોક્ટરેટ ઈન લિટરેચરની પદવીપણ એનાયત થઈ છે.આ ઉપરાંત પૂ.દાદાજીનું દેશ વિદેશમાંથી ત્રણ ડઝનથી વધુ એવોર્ડથી સન્માન કરાયુ હતું.

૨૫ ઓક્ટોબર ૨૦૦૩ના રોજ મુંબઈ, ભારતમાં ૮૩ વર્ષની ઉંમરે કાર્ડિયાક અરેસ્ટને કારણે આઠવલેનું અવસાન થયું હતું. થાણે જિલ્લાની તત્વજ્ઞાન વિદ્યાપીઠ ખાતે ૨૬ ઓક્ટોબરની સાંજે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા, જ્યાં ૨૪ કલાકના સમયગાળામાં લાખો શોક કરનારાઓએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. ત્યારબાદ, તેમની રાખ ઉજ્જૈન, પુષ્કર, હરિદ્વાર, કુરુક્ષેત્ર, ગયા, જગન્નાથ પુરી અને છેલ્લે રામેશ્વરમ ખાતે વિસર્જન કરવામાં આવી હતી. આજે પણ મનુષ્ય ગૌરવદિન દેશભરમાં ગૌરવ ભેર ઉજવાય છે.



### મોબાઇલ આવી ગયા અસલી મુદ્દા પર ધ્યાન જતુ જ નથી

**કેન્દ્ર અને રાજ્ય સરકારો પણ સ્ટાર્ટ અપ શરૂ કરનાર ભણેલા યુવાનોને તો જુદા જુદા પ્રકારની રાહત આપે છે પરંતુ ખેડુતો પ્રત્યે હમેંશા ઉદાસીન રહે છે જ્યાં સુધી ખેડુતોની લોન માફીની વાત છે ત્યાં સુધી આ બાબત તો માત્ર દેખાવવા પુરતી છે**

# કોર્પોરેટથી પહેલા ખેડુતો મજબુત બને

**સ્ટાર્ટ અપ શરૂ કરનાર યુવાનોને તો રાહતો આપે છે પરંતુ ખેડુતો પ્રત્યે ઉદાસીન રહે છે : હકીકતમાં ખેડુતો પહેલા મજબુત બને તે જરૂરી**

દેશમાં ખેડુતોની સ્થિતીને વધુને વધુ મજબુત કરવાની જરૂર ચોક્કસપણે દેખાઈ રહી છે. તમામ લોકો આ બાબત તો સ્વીકાર કરે છે કે આજે ખેડુતોની તુલનામાં કોર્પોરેટ જગત સાથે જોડાયેલા લોકોને વધારે રાહત મળી રહી છે. તેમને વધારે મજબુત કરવાના પ્રયાસ તમામ સ્તરે થઇ રહ્યા છે. ખેડુતોને મજબુત કરવાના પ્રયાસ પણ થઇ રહ્યા છે પરંતુ તેની ગતિ જે પ્રકારની છે તે ખુબ ઉદાસીન કરનાર છે.

કોર્પોરેટ કરતા પહેલા ખેડુતોની સ્થિતીને વધારે મજબુત કરવાની જરૂર છે. થોડાક મહિના પહેલા જ મહારાષ્ટ્રમાં ખેડુતોએ ગુસ્સામાં આવીને પોતાની શાકભાજી બરબાદ કરી નાંખી હતી. સેંકડો લીટર દુધ માર્ગો પર ઢોળીને નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી. વિચારણા કરવા જેવી બાબત છે કે સુ ૫૦ પૈસા કિલો ટામેટા મળી શકે છે. હેરાન કરનાર બાબત છે કે ખેડુતોને આજ ભાવ મળી રહ્યા હતા. વિચારણા કરી શકાય છે કે ખેતી કરવા અને તે પહેલાની તમામ તૈયારી કરવામાં કેટલો ખર્ચ થઇ જાય છે. શુ આ ક્રુર મજાક નથી કે સરકાર તેમની પાસેથી ૫૦ પૈસા કિલોના ભાવે ટામેટા અને ડુંગળીની ખરીદી કરે છે. જ્યારે આજ શાકભાજી આરગેનિક દુકાનોમાં ૫૦થી



૧૦૦ ગણા ભાવથી વેચી દેવામાં આવે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો પણ સ્ટાર્ટ અપ શરૂ કરનાર ભણેલા યુવાનોને તો જુદા જુદા પ્રકારની રાહત આપે છે પરંતુ ખેડુતો પ્રત્યે હમેંશા ઉદાસીન રહે છે. જ્યાં સુધી ખેડુતોની લોન માફીની વાત છે ત્યાં સુધી આ બાબત તો માત્ર દેખાવવા પુરતી છે. અલબત્ત આની આડમાં ખાનગી કંપનીઓ જેમાં વીમા કંપનીઓ અને અને બેંક સામેલ છે.આ તમામને જંગી નફો આપીને માલામાલ કરવામાં આવે છે. અસલમાં ખેડુતોને મજબુત કરવામાં આવે તે જરૂરી છે. જો ખેડુતોને મજબુત કરાશે તો જ વધારે સારા પરિણામ મળશે. ખેડુતો આવા પાક પૈદા કરી શકશે જે માત્ર સસ્તી જ રહેશે નહીં બલ્કે તેમાં પૌષક તત્વો પણ વધારે પ્રમાણમાં રહેશે. કારણ કે ગામના ખેડુતો પોતાના પાકને નષ્ટ કરી શકે છે. પરંતુ પાકને કેમિકલમાં મિક્સ કરીને વેચી દેવાની હિમ્મત કરશે નહીં. સરકારને સમજી લેવાની જરૂર છે કે દેશના નાગરિક રાષ્ટ્રના વિકાસમાં એ વખતે જ જ ભરપુર યોગદાન આપી શકે છે જ્યારે તે શરીરથી મજબુત હોઇ શકે છે. આના માટે પૌષ્ટિક ભોજન કુબ જરૂરી છે. પૌષ્ટિક ભોજન ખેડુત જ આપી શકે છે.

કોર્પોરેટ જગત આ કામ કરી શકે નહીં. જેથી ખેડુતોને વધારે રાહત પહેલા મળે તે જરૂરી છે. કેટલીક ચીજો એવી પણ હોવી જોઇએ. જેની સાથે કોઇ બાંધછોડ થવી જોઇએ નહીં. ભોજનની ક્વાલિટી પણ આમાં એક ચીજ છે. કારણ કે આજ ભોજન અમને જીવિત રાખે છે. અમને જુદા જુદા રોગ સામે લડવામાં તાકાત આપે છે. ખાદ્ય પદાર્થોને લઈને બજારની હાલત ખુબ ખતરનાક બની ચુકી છે. હાલના સમયમાં કોઇ ચીજો એવી નથી જેમાં ભેળસેળ નથી. મોબાઇલ આવી ગયા બાદ લાઇફ એટલી વ્યસ્ત થઇ ગઇ છે કે અન્ય બાબતો અંગે વિચારણા કરવાની તક મળતી નથી. મોબાઇલ અમને વ્યસ્ત રાખે છે. જેથી અમે તમામ કામો બેભાન હાલતમાં કરીએ છીએ. ભોજન પણ બેભાન હાલતમાં કરીએચીએ. આ બાબતનુ અમને ધ્યાન જ રહેતુ નથી કે અમે શુ ખાઇ રહ્યા છીએ.

જે ચીજો ખાઇ રહ્યા છીએ તેનાથી લાભ થઇ રહ્યો છે કે કેમ તેનુ ધ્યાન રહેતુ નથી. મોનસુનની સિઝનમાં તો હોસ્પિટલોમાં પગ મુકવાની જગ્યા રહેતી નથી. ચારેબાજુ દર્દીઓ પડ્યા રહે છે. અહીં મોનસુનમાં બિમારી એટલા માટે ફેલાઇ જાય છે કે લોકોને લોકલ ડબ્બામાં ભરવામાં આવે છે. એકબીજાની બિમારી ફેલાઇ જાય છે. બીજી કારણ એ છે કે રોગ સામે લડવાની શક્તિ અમારી ઘટી ગઇ છે. કારણ કે ભોજનમાં પૌષક તત્વો પુરતા પ્રમાણમાં રહ્યા નથી. એકંદરે તમામ બાબતોમાં ખેડુતોની સ્થિતી વધુને વધુ મજબુત બનશે તો કેટલીક બિમારીથી પણ સીધી રીતે બચી શકાશે. મુંબઈમાં તો નાળા અને રેલવે લાઇનના કિનારે શાકભાજી ઉગાવવામાં આવે છે.

# જીવનશૈલી સાથે જોડાયેલી બીમારીઓનું જોખમ પણ વધી રહ્યું છે

**બાળકોમાં સ્થૂળતાને કારણે ઇન્સ્યુલિન પ્રતિરોધ અને ડાયાબિટીસ, હાઇ બીપી, વધુ કોલેસ્ટ્રોલના સ્તર, પિત્તાશયની પથરી અને લીવર સાથે જોડાયેલી સમસ્યાઓ થઈ શકે છે**

ગયા મહિને રાજકીય સમાચારો વચ્ચે એક રિપોર્ટ તરફ અપેક્ષાકૃત ધ્યાન ઓછું જ ગયું. એ હતી, વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબ્લ્યુએચઓ) તરફથી જારી એક નવો રિપોર્ટ, 'અદૃશ્ય આંકડા - બિનચેપી રોગોનો યોગ્ય માપદંડ'. તેમાં રેખાંકિત કરવામાં આવ્યું કે આખી દુનિયામાં દર બે સેકન્ડમાં બિનચેપી રોગોથી સત્તર વર્ષની ઉંમરના એક વ્યક્તિનું મોત થઈ જાય છે અને આવી ૮૬ ટકા મોત નિમ્ન અને મધ્યમ આવક સમૂહવાળા દેશોમાં થાય છે. નોન કમ્યુનિકેબલ ડિસીઝ (એનસીડી) એટલે કે બિનચેપી રોગ જીવનશૈલી સાથે જોડાયેલી બીમારીઓ છે. સામાન્ય રીતે તે હૃદયરોગ, કેન્સર, જૂની શ્વાસની બીમારીઓ અને ડાયાબિટીસની બીમારી છે. ડબ્લ્યુએચઓનું કહેવું છે કે ૨૦૧૯માં ભારતમાં થયેલ મોતમાંથી ૬૬ ટકા માટે ચિંતાજનક રૂપે એનસીડી જવાબદાર હતી. મોટાભાગના ભારતીય હવે જીવનશૈલીની બીમારીઓથી મરી રહ્યા છે, નહિ કે ચેપી રોગોથી. આપણામાંથી દરેકને કોઈને કોઈ બીમારીને કારણે સમય પહેલાં મરનારા કોઈ વ્યક્તિને જાણીએ છીએ. કેટલાંક મુખ્ય કારણ, જે કોઈના જીવનને જોખમમાં નાખે છે, તે અસ્વાસ્થ્યપ્રદ આહાર, શારીરિક ગતિવિધિની ઉણપ અને તમાકુ તથા શરાબનું સેવન.

રિપોર્ટ અનુસાર ૨૦૧૯માં ભારતમાં ૬૦.૪૬ લાખ લોકોનાં મોત થયાં. વાસ્તવમાં ચિંતાજનક વાત એ છે કે હૃદયરોગ, કેન્સર, ડાયાબિટીસ કે ક્રોનિક સીઓપીડી સહિત તેમાંથી કોઈ એક પ્રકારની બિનચેપી બીમારીને કારણે ૩૦ થી ૭૦ વર્ષની ઉંમરના લોકોમાં મૃ ત્યુની ૨૨ ટકા સંભાવના હતી. તેમના લોકો વિચારે છે કે જીવનશૈલી સાથે જોડાયેલી બીમારીઓ, જેમને સ્વાસ્થ્ય વિશેષજ્ઞ બિનચેપી રોગો રૂપે ચિહ્નિત કરે છે, ફક્ત અમીર લોકોને થાય છે, એ સાચું નથી. આ બીમારીઓ ફેલાઈ રહી છે અને તમે જાણી શકો છો કે નિમ્ન આવક સમૂહવાળા ભારતીયો અને ગામડાંમાં રહેતા લોકોમાં પણ જીવનશૈલી સાથે જોડાયેલી બીમારીઓ થઈ રહી છે. એક મોટી સમસ્યા તો એ છે કે આપણા દેશમાં મોટાભાગના લોકો જોખમ સાથે જોડાયેલા કારકો વિશે કશું જાણતા જ નથી, કે તેમને ખબર જ નથી કે તેઓ હાઈ બી.પી. જેવી કોઈ બીમારીથી ગ્રસ્ત છે. અસલમાં આપણે ત્યાં વાર્ષિક મેડિકલ તપાસની પરંપરા જ નથી, મોટાભાગના લોકો તેનો ખર્ચ વહન નથી કરી શકતા, તેથી તેમને કોઈ પ્રકારની પૂર્વ ચેતવણી નથી મળી શકતી.

એક તરફ પરેશાન કરનારું વલણ એ છે કે વયસ્કો અને બાળકોમાં સ્થૂળતાની સમસ્યા વધી રહી છે, જેને કારણે જીવનશૈલી સાથે જોડાયેલી બીમારીઓનું જોખમ



પણ વધી રહ્યું છે. આપણે તેના વિશે વધુ વાતો નથી કરતા, કારણ કે આ દેશમાં લાખો લોકો હજુ પણ ભૂખ્યે સૂઈ જાય છે, છતાં વધુ વજનવાળા ભારતીયોની વધતી સંખ્યા વિશે ખબર હોવી અસંભવ નથી. બેશક ઓછી સંખ્યામાં, પરંતુ ઓછી આવકવાળા સમૂહોમાં પણ આ સમસ્યા તો છે જ. તેનાં કારણો બહુ જટિલ છે. સ્કૂલી બાળકોમાં સ્થૂળતાની સમસ્યાના શા હાલ થશે?

અગ્રણી ખાનગી હોસ્પિટલ મેદાંતામાં એન્ડોક્રિનોલોજી અને ડાયાબિટીસના સીનિયર કન્સલ્ટન્ટ જણાવે છે કે બાળકોમાં સ્થૂળતાને કારણે ઈન્સ્યુલિન પ્રતિરોધ અને ડાયાબિટીસ, હાઈ બીપી, વધુ કોલેસ્ટ્રોલના સ્તર, પિત્તાશયની પથરી અને લીવર સાથે જોડાયેલી સમસ્યાઓ થઈ શકે છે. સ્થૂળતાથી ગ્રસ્ત બાળકો જલ્દી થાકી જાય છે અને તેમનામાં વ્યાયામ કરવાની ક્ષમતા ઘટવા લાગે છે. સ્થૂળતા બાળકો પર મનોવૈજ્ઞાનિક અસર પણ કરે છે, જેનાથી એવા બાળકોમાં હીન ભાવના વધવા લાગે છે, તેમનું શરીર બેડોળ થઈ જાય છે, ચિંતા તથા ચીડિયાપણું વધવા લાગે છે, જેનાથી તેઓ અવસાદનો શિકાર પણ થઈ શકે છે.

બાળકોમાં સ્થૂળતાના સામાજિક પરિણામ સામાજિક ગતિવિધિઓમાં ઓછી ભાગીદારી અને સાથીઓ સાથે ઓછી વાતચીત રૂપે સામે આવે છે. જો ભારતના ભીડભાડવાળા શહેરોના ગરીબ વિસ્તારોમાં પણ બાળકોની સ્થૂળતા વધવા લાગી છે, તો તેનું કારણ એ છે કે સંકટમાં પડેલા લોકો નોકરીની શોધમાં શહેરો તરફ પલાયન કરે છે. શહેરોમાં તેમને ખરાબ સ્વચ્છતા અને બદતર પરિવેશમાં રહેવાનું હોય છે. તેઓ પોતાની અલ્પ આવકનો ઉપયોગ બિનસ્વાસ્થ્યપ્રદ ખાદ્ય પદાર્થ ખરીદવા કરે છે, જેમાંથી તેમને પૂરતી કેલરી પણ નથી મળતી. આપણે સ્થૂળતા, કુપોષણ અદ્ધે જળવાયુ પરિવર્તન વચ્ચેની કડી પણ જોવી પડશે, આ ત્રણેય એકજ પ્રણાલીઓ અને નીતિઓથી સંચાલિત છે. જળવાયુ પરિવર્તન દરેક ચીજને પ્રભાવિત કરી રહ્યું છે. દુકાળ જેવી હવામાનની ચરમ સ્થિતિઓને કારણે ખેતીમાં બદલાવ આવી શકે છે, જેનાથી ખાદ્ય સુરક્ષા વધી શકે છે અને અંતે અલ્પ-પોષણમાં વધારો થઈ શકે છે. તેની સાથે જ જળવાયુ પરિવર્તન બુનિયાદી ખાદ્ય ચીજો, વિશેષ રૂપે ફળો અને શાકભાજીઓની કિંમતોને પણ પ્રભાવિત કરી શકે છે, સંભવિત રૂપે પ્રસંસ્કૃત ખાદ્ય પદાર્થોની વધતી ખપત ઓર વધી શકે છે તેથી ખાદ્ય અને કૃષિ નીતિઓ, પરિવહન, શહેરી ડિઝાઈન અને ભૂમિ ઉપયોગ પ્રણાલીઓમાં આમૂલ પ્રણાલીગત પરિવર્તનની જરૂર છે. સ્પષ્ટ રૂપે આપણે જીવનશૈલી સાથે જોડાયેલી બીમારીઓ અને જોખમી કારકોને લઈને વધુ જાગૃતિ ફેલાવવાની જરૂર છે. એવી બીમારીઓ માટે તેમને પીડિત લોકોને જ એકલા જવાબદાર ઠેરવવા નુકસાનદાયક સાબિત થઈ શકે છે. આપણે એ વિશે જાગૃતિ કેળવવાની જરૂર છે કે સ્વસ્થ ભોજન શું છે અને હાનિકારક ભોજન શું છે અને પ્રસંસ્કૃત ખાદ્ય સામગ્રી પર ચેતવણીઓ છે કે નહીં.

CMYK



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

# ફરવા જાવ ત્યારે ભાડે રહેવા લાયક વિશ્વના ટોચના રમણીય પ્રવાસન્ સ્થળ

















**લીફી ગ્રીન્સ, ચિયાંગ માઇ, થાઇલેન્ડ** | થાઈલેન્ડમાં ઓર્ગેનિક ગાર્ડન, આઉટડોર બાર્બેક્યુ અને એર કંડિશનિંગ જેવું લાગતું બિનપરંપરાગત મશરુમ જેવું મકાન લીફી ગ્રીન્સ તરીકે જાણીતું છે. પ્રારંભમાં આ પ્રકારના મકાનને મેડિટેશન સેન્ટર તરીકે બનાવાયા હતા. આ પ્રકારના મકાન ફ્લાવર્સ અને વૃક્ષોથી ભરેલા હોય છે.

# મગરના ચામડાથી બની છે આ કારની સીટો અને ડેશબોર્ડ...



અત્યાર સુધી તમે કારમાં કાર્બન ફાઈબર અને એલ્યુમિનિયમના ઉપયોગ વિશે સાંભળ્યું જ હશે. શું તમે ક્યારેય કાર અથવા બાઈકમાં મગરના ચામડાની બનેલી સીટો વિશે સાંભળ્યું છે? લગભગ દરરોજ નવા ફીચર્સમાં બાઈક અને કાર લોન્ચ થાય છે. તમામ કાર અને બાઈકની અલગ-અલગ સુવિધાઓ અને કિંમતો હોય છે. મોટાભાગના લોકો તેની કિંમત અને ફીચર્સ જોતા પહેલા લુક અને ડિઝાઈન વિશે વાત કરે છે. દેખાવ અને ડિઝાઈન પસંદ કર્યા પછી લોકો તેના ફીચર્સ જુએ છે. સુપર લક્ઝરી કાર નિર્માતા કંપની રોલ્સ રોયસે અબજોપતિની કાર લોન્ચ કરી છે. આ કારની કિંમત અને તેના ફીચર્સને કારણે તેની ઘણી ચર્ચા થઈ રહી છે.

## 10 કરોડની ભેંસ પછી 11 લાખનો કૂતરો આકર્ષણનું કેન્દ્ર બન્યો



મેરઠના કૃષિ મેળામાં દસ કરોડની કિંમતની ભેંસ આજકાલ આકર્ષણનું કેન્દ્ર બનેલી છે. તો એક કૂતરાએ પણ બધાનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું છે. દસ કરોડની કિંમતની ભેંસ અને અગિયાર લાખની કિંમતનો કૂતરો જોઈ લોકો આશ્ચર્યચકિત થઈ ગયા છે. મેરઠના કૃષિ મેળામાં આજકાલ ડૉગ શો આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. આ ડૉગ શોમાં એક કૂતરો પણ આવ્યો હતો જે માઈનસ ત્રીસ ડિગ્રી સેલ્સિયસમાં રહેવા ટેવાયેલો છે. કહેવાય છે કે કૂતરાને ગરમીથી એટલી બધી એલર્જી છે કે તેને એસીમાં રહેવું પડે છે. ચાઉ બ્રીડના આ કૂતરાની કિંમત અગિયાર લાખ થઈ ગઈ છે. મેરઠમાં કેટ વોકની જેમ ડૉગ વોક યોજાઈ હતી. આ ડૉગ વોકમાં જ્યારે એકથી એક ચઢિયાતા ડૉગ પોતાની ધૂન પર રેમ્પ પર વોક કરતા હતા ત્યારે લોકોની નજર તેમના પર ટકેલી હતી.

**10 કરોડની ભેંસનાં સ્પર્મ વેચી લાખો રૂપિયા કમાય છે |** આ ભેંસનું વજન 1500 કિલો હોવાનું કહેવાય છે. આ ભેંસ દરરોજ 25 લિટર દૂધ, 15 કિલો ફળ, 15 કિલો અનાજ અને 10 કિલો વટાણા ખાય છે. આ ઉપરાંત લીલો ચારો પણ આપવામાં આવે છે. તેને દરરોજ સાંજે છ કિમી ચાલવા માટે લઈ જવામાં આવે છે. ગોલુ નામની આ ભેંસના શરીર પર દરરોજ તેલથી માલિશ કરવામાં આવે છે. આ ભેંસનું સ્પર્મ વેચી ભેંસનો માલિક દર મહિને લાખો રૂપિયાની કમાણી કરે છે. ભેંસના સ્પર્મની માંગ હરિયાણા સિવાય પંજાબ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન સહિત ઘણા રાજ્યોમાં છે. મેળામાં દસ કરોડની ભેંસની સાથે સેલ્ફી લેવા માટે લોકોની લાઈન લાગી હતી.

# આ દેશમાં બન્યો 2073 ફૂટ લંબાઇ અને 492 ફૂટ ઉંચાઇ ધરાવતો કાચનો બ્રિજ, ચીનને પણ પાછળ રાખી દીધું


વિયેતનામમાં આવેલો દુનિયાનો સૌથી વિશાળ કાચનું તળિયું ધરાવતો વોક વે બ્રિજ જાણીતો બન્યો છે. ગત એપ્રિલ માસમાં કામગીરી પૂર્ણ થયા પછી પ્રવાસીઓ માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે. કાચની સપાટીવાળો આ પૂલ ઉત્તર પશ્ચિમ વિસ્તારમાં આવેલા સોન લા પ્રાંતના મોક ચો જિલ્લામાં આવેલો છે. અણાબીડ જંગલના બે પહાડોને જોડતો પુલ ૬૩૦ મીટર (૨૦૭૩ ફૂટ) લાંબો અને ૧૫૦ મીટર (૪૯૨ ફૂટ) ઉંચાઇ પર છે. આ પુલ ૨.૪ મીટર પહોળો અને ૩૦ મીટરના બે ટાવરનો સમાવેશ થાય છે.

આ પૂલનું સ્થાનિક ભાષામાં બાખ લોગા નામ આપવામાં આવ્યું છે જેનો અર્થ વ્હાઈટ ડ્રેગન થાય છે. કાચની સપાટી ધરાવતા આ પુલનું નિર્માણ કરતી કંપનીએ વિશ્વનો સૌથી લાંબો કાચનો પુલ ગણાવ્યો છે. આ પહેલા ચીનના ગ્વાંગદોંગમાં સૌથી મોટો કાચનો પુલ ગણાતો હતો તેની લંબાઈ ૪૩૦ મીટર છે. ચીનના ગ્રેંડ કેન્યેન ગ્લાસ બ્રિજને પણ વિયેતનામનો વ્હાઈટ ડ્રેગન બ્રીજ ટક્કર મારે તેવો બન્યો છે આથી વિદેશી પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. પુલની સપાટી ટેપર્ડ ગ્લાસ માંથી તૈયાર કરવામાં આવી છે જે એક સાથે ૪૫૦ લોકોનો ભાર વહન કરી શકે છે.


લોકો કાચની સપાટી પર ઉભા રહીને કુદરતી ખૂબસુરતીના નજારાને માણી શકે છે. કેટલાક તો કાચમાંથી આરપાર દેખાતું હોવાથી પગલા માંડતા પડી જવાના આભાસથી ડરતા રહે છે. આ અનોખા પુલ પર ડરી ડરીને પગલા માંડતા લોકોનો વીડિયો વાયરલ થઈ રહયો છે. બ્રિજ પર લોકો રોમાંચક પગપાળા યાત્રાનો આનંદ માણે છે. કેટલાક લોકો તો એટલા ડરી જાય છે કે નીચે જોવાની હિંમત પણ કરી શકતા નથી. લોકો કાયમી સંભારણું બની જાય તે માટે ગ્લાસ વે બ્રીજના વોક વે સેકશન પર અવનવી સ્ટાઈલમાં ફોટા પડાવે છે.વિવિધતા ભરી સંસ્કૃતિ અને કલ્ચર ધરાવતા વિયેતનામમાં પ્રવાસીઓનો ધસારો રહેતો હોય છે પરંતુ કોરોના મહામારીના કારણે વિદેશી પ્રવાસીઓ આવવાના બંધ થઈ ગયા હતા.હવે પ્રવાસીઓ આવવા લાગ્યા છે એમાં આ અનોખા ગ્લાસ બ્રિજે પણ આકર્ષણ ઉમેર્યુ છે. પુલની તળેટીમાં મુઓંગ મૂક ગુફા છે જેને ચિમથાન (ગોડ બર્ડ) ગુફા તરીકે પણ ઓળખવામાં આવે છે જેમાં કુદરતી સ્ટેલેકટાઈટસ અને શિલ્પ પથ્થર જોવા મળે છે. કાચનો આ બ્રિજ તૈયાર કરતી વખતે સુરક્ષાના તમામ પ્રકારના પગલાઓ ભરવામાં આવ્યા હતા. તળિયામાં ગ્લાસ એટલા મજબૂત હોય છે કે તેના પર હથોડાની પણ કોઈ અસર થતી નથી. ગ્લાસ પારદર્શક રહે તે માટે તેનું નિયમિત મેન્ટેન્સ કરવામાં આવે છે.

બ્રિજ પર અનેક વાર હેવી વેઈટ કાર ચલાવીને તેની મજબૂતી ચકાસવામાં આવી હતી. મધ્યાહન સમયે કાચ પર સૂર્યના કિરણો પડે ત્યારે વ્હાઈટ રિફ્લેશન તેની શોભા વધારી દે છે. આ બ્રિજ શરુ થયો ત્યારે પ્રથમ દિવસે ૪ હજાર પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. આ બ્રિજના એક રાઉન્ડ માટે ૨૮ ડોલર ફી નકકી કરવામાં આવી છે. વિયેતનામમાં ગ્લાસનું તળિયું ધરાવતા હોય તેવા ત્રણ બ્રિજ છે પરંતુ આ સૌથી વિશાળ હોવાથી વૈશ્વિક હેડલાઈન્સ બન્યો છે. આ બ્રીજ ૩૩ મીલિયન અમેરિકી ડોલરના ખર્ચે તૈયાર થયો છે. આ ગ્લાસ બ્રિજમાં ઉપયોગમાં લેવાયેલું સ્ટ્રકચર ફ્રાંસથી આયાત કરવામાં આવ્યું હતું.














# ભારતના સૌથી મોટા ફ્લોટિંગ સોલર પ્લાન્ટની સફળ શરૂઆત, એકમમાંથી ઊર્જા ઉત્પાદન ચાલુ કરાયું



ભારત તેની અવનવી તકનીક અને અજબ-ગજબ રીતને કારણે જગવિખ્યાત છે. ભારતની સૌથી મોટી ઈન્ટીગ્રેટેડ એનર્જી કંપની, એનટીપીસી લિમિટેડે દેશનો સૌથી મોટો તરતો સોલર પાવર પ્લાન્ટ શરૂ કર્યો છે. કંપનીએ 100 મેગાવોટ રામાગુંડમ ફ્લોટિંગ સોલર પીવી પ્રોજેક્ટમાંથી 20 મેગાવોટની ક્ષમતાની સીઓડી જાહેર કરી છે એટલેકે સૌર ઉર્જા ઉત્પાદન એકમમાંથી ઉત્પાદનની શરૂઆત થઈ છે.



રામાગુંડમ ફ્લોટિંગ સોલર પીવી પ્રોજેક્ટ NTPC દ્વારા શરૂ કરાયેલ ભારતનો સૌથી મોટો ફ્લોટિંગ સોલર પ્લાન્ટ છે. સફળતાપૂર્વક શરૂઆત સાથે રામાગુંડમ, તેલંગણા ખાતે 100 મેગાવોટ રામાગુંડમ ફ્લોટિંગ સોલર પીવી પ્રોજેક્ટમાંથી 20 મેગાવોટની છેલ્લી ભાગની ક્ષમતા સાથે કોમર્શિયલ ઉત્પાદન શરૂ કર્યું છે. 1લી જુલાઈથી આ પાવર પ્લાન્ટમાંથી પ્રોડક્શન શરૂ થયું છે.



NTPCની કુલ ઈન્સ્ટોલેશન કેપિસીટી 69,134.20 મેગાવોટ છે, જેમાં 23 કોલસા આધારિત, 7 ગેસ આધારિત, 1 હાઈડ્રો, 19 રીન્યૂએબલ એનર્જી પ્રોજેક્ટ છે. કંપનીની સંયુક્ત સાહસ હેઠળ NTPC પાસે 9 કોલસા આધારિત, 4 ગેસ આધારિત, 8 હાઈડ્રો અને 5 રીન્યૂએબલ એનર્જી પ્રોજેક્ટ પણ છે.

CMYK

A Project By
GIRIVAR BUILDCON

અલ્ટ્રા અમેનીટીઝ સાથે,
પ્રાઈમ લિવિંગ
@ NEW SHAHIBAUG

Sreevas
3 BHK & SHOPS



+91 95370 00497 | 77779 20026
Near S.B. Farm, New Shahibaug, Nana Chiloda - 382330
RERA NO. PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY.AUDA/MAA11835/230523 | GUJRERAR1.GUJARAT.GOV.IN

FOR LOCATION

# કુપોષણથી છૂટકારો, શરીરને બનાવશે મજબૂત, અનેક સમસ્યાઓથી ફૂડ અપાવશે રાહત



બાળકોને જન્મથી જ પોષક તત્વોની જરૂર હોય છે. નવજાત શિશુ માટે માતાનું દૂધ સર્વોત્તમ માનવામાં આવે છે. તેનાથી જ તેને પોષણ મળે છે. એવા સમયમાં માતાએ હેલ્ધી ફૂડ્સનું સેવન કરવું જોઈએ. માતાના સ્વાસ્થ્ય પર જ બાળકનું સ્વાસ્થ્ય આધાર રાખે છે. વધતી ઉંમરની સાથે બાળકના ઉછેર માટે પોષણયુક્ત આહારનું સેવન કરવામાં આવે છે. બાળકોમાં પોષણની કમી થવા પર તે કુપોષણના શિકાર થઈ જાય છે.

એક રિપોર્ટ અનુસાર કુપોષણ ડાયેટમાં થતું અસંતુલન છે. જ્યારે કોઈ વ્યક્તિને પર્યાપ્ત પ્રમાણમાં પોષક તત્વો નથી મળી શકતા તો પોષક તત્વોની કમીના કારણે ઘણા પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. અને તે વ્યક્તિ કુપોષણનો શિકાર થાય છે.

## બાળકોમાં બૌદ્ધિક વિકાસની કમી

કુપોષણ ધરાવતા બાળકોમાં બૌદ્ધિક વિકાસમાં કમી, થાક, એનર્જીમાં કમી, શરીરનું ઓછુ વજન, થાક, ચિડચિડાપણુ સીખવામાં મુશ્કેલી જેવા ઘણા લક્ષણ જોવા મળે છે. ત્યાં જ વયસ્કોમાં ભુખ ન લાગવી, થાક, વજન ઘટવું, ડિપ્રેશન, ફેટ, મસલ્સના ટિશ્યૂમાં મુશ્કેલીઓ, બીમારીથી બહાર આવવામાં વધારે મુશ્કેલી થવી, ઈજા ભરાવવામાં વધારે સમય લાગવો કુપોષણના લક્ષણ થાય છે. આવો આજે અમે તમને જણાવીએ કે કુપોષણથી છુટકારો મેળવવા માટે શું કરવું જોઈએ.

## સપ્લીમેન્ટ્સનો ઉપયોગ

કુપોષણના શિકાર થવા પર લોકોને તરત ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ. તેના બાદ ડોક્ટરની સલાહ પર જ સપ્લીમેન્ટ્સ લેવી જોઈએ. ડોક્ટરની સલાહ પર ઝિંક, આયોડીન, આયર્ન વગેરે જેવી સપ્લીમેન્ટ્સ લઈ શકો છો. આ કુપોષણથી છુટકારો અપાવવામાં મદદ કરે છે.

## લીલા શાકભાજી

શરીરને સ્વસ્થ્ય રાખવા માટે લીલા શાકભાજીનું સેવન કરવું જોઈએ. લીલા શાકભાજીમાં ઘણા પ્રકારના પોષક તત્વો મળી આવે છે. ગાજર, બીટ, પાલક વગેરેમાં વિટામિન્સ અને પોષકતત્વોનું ભરપુર પ્રમાણ હોય છે. કુપોષણની સમસ્યા થવા પર દૂધી, લાલ ભાજી, પાલક જેવા શાકભાજીનું સેવન કરવામાં આવે છે.



## પ્રોટીન

કુપોષણની સમસ્યા થવા પર પ્રોટીન યુક્ત ફૂડ્સનું સેવન કરવું જોઈએ. પ્રોટીન શરીરને મજબૂતી આપે છે. તેના માટે પનીર, દાળ, દૂધ જેવા ફૂડ્સનું સેવન ફાયદો આપી શકે છે.

## ફળોનું સેવન

કુપોષણથી છુટકારો મેળવવા માટે તાજા ફળોનું સેવન કરો. કેળા, લીચી, સફરજન, દાડમ, સંતરા જેવા ફળોમાં ભરપૂર પ્રમાણમાં પોષક તત્વો હોય છે. તેના સેવનથી કુપોષણથી મુક્તિ મેળવવા માટે મદદ મળે છે.

### Disclaimer

આરોગ્ય અને સુખાકારી હેઠળ પ્રકાશિત સામગ્રી સામાન્ય જાણકારી ઉપલબ્ધ કરાવે છે. અહીં પ્રકાશિત લેખ તબીબ, વૈદ્ય, નિષ્ણાત અને રિસર્ચ આધારિત નિષ્કર્ષ પર છે. તમામ નિર્દેશોનું પાલન કરી વાંચકોની જાગૃતિ વધારવાના હેતુથી આ સામગ્રી તૈયાર કરાઈ છે. આ લેખ કોઈ પણ રીતે યોગ્ય ઉપચારનો વિકલ્પ નથી, વધુ જાણકારી માટે હંમેશા નિષ્ણાત કે આપના ચિકિત્સકની સલાહ લેવી. vtvgujarati.com આ જાણકારી માટે જવાબદારીનો દાવો કરતું નથી.



# તવા પર ચોંટી જતો હોય ઢોસો તો આ ટ્રીક કરો ફોલો

## 5 મિનિટમાં ઉતરવા લાગશે ક્રિપ્સી ઢોસા

સાઉથ ઈંડિયન વાનગીઓમાં ઢોસા સૌથી લોકપ્રિય વાનગી છે. ખાસ કરીને ક્રિસ્પી પેપર ઢોસા કોને ન ભાવે? ચોખા અને દાળના મિશ્રણથી તૈયાર થતાં ઢોસા નાના-મોટા સૌ કોઈને ભાવે છે. આપણે ત્યાં મોટાભાગના ઘરોમાં ઢોસા નોનસ્ટીક પેન પર બનાવવામાં આવે છે. પરંતુ કદાચ તમને ખબર નહીં હોય કે આ વાનગી હકીકતમાં તો લોઢાના તવા પર વધારે સારી બને છે. પરંતુ જો લોઢાના તવા પર ઢોસો કરવામાં આવે તો તે ચોંટી જાય તેનું રીસ્ક વધી જાય છે. પરંતુ તમે લોઢાના તવા પર પણ ક્રિસ્પી પેપર ઢોસો ઉતારી શકો છો. તેના માટે કઈ કઈ વાતોનું ધ્યાન રાખવું પડે છે ચાલો તમને જણાવીએ.

### ઢોસાનું ખીરું

જો તમે ઢોસાને ક્રિસ્પી બનાવવા માંગો છો તો ચોખા અને દાળને પીસતી વખતે તેમાં એક મુઠ્ઠી પોહા પણ ઉમેરી જો. તેનાથી ઢોસા ક્રિસ્પી બનશે.

### ઢોસાના ખીરુંમાં રવો ઉમેરો

ઢોસાના બેટર સારી રીતે આથો આવી જાય પછી તેને ઉપયોગમાં લેવાની 30 મિનિટ પહેલા તેમાં થોડો રવો ઉમેરો અને તેને સારી રીતે મિક્સ કરો.

### તવાને દર વખતે બરાબર સાફ કરો

એક ઢોસો ઉતરી જાય પછી બીજા ઢોસા માટે ખીરું તવા પર રેડો તે પહેલા તવાને બરાબર સાફ કરો. તેના માટે એક ભીના કપડાથી તવાને સારી રીતે સાફ કરો.

### તવા પર બટેટું ઘસો

ઢોસા બનાવતા પહેલા તવાને ગેસ પર રાખી અને તેના પર અડધા બટેટાને તેલવાળું કરી તવા પર ઘસી લો. આમ કરવાથી ઢોસો બરાબર ક્રિસ્પી ઉતરશે.

**ઢોસાનું બેટર વધારે ઠંડુ ન કરવું** | જો તમે ઢોસાનું તૈયાર બેટર લીધું છે તો તે ફ્રિજમાં રાખેલું હશે. પરંતુ ઢોસા બનાવતા પહેલા તે રુમ ટેમ્પરેચર પર આવી જાય તે રીતે રાખવું. ઠંડું ખીરું હશે તો તવા પર ઢોસો ચોંટશે.

# ફ્રીજમાં રાખેલા લીંબુ સુકાઈ જાય તો ફેંકવાને બદલે આ રીતે કરો ઉપયોગ



લીંબુ એવી વસ્તુ છે જેનો ઉપયોગ રોજ થાય છે. કોઈપણ વાનગી હોય, ચટણી હોય, સલાડ હોય કે પછી શરબત હોય તેમાં લીંબુનો ઉપયોગ દરેક ઘરમાં થાય છે. કેટલીક સ્વાસ્થ્ય સમસ્યાઓમાં પણ લીંબુનો ઉપયોગ કરવામાં આવે છે. તેથી જ દરેક ઘરના ફ્રીઝમાં એક, બે કરતાં વધારે લીંબુ રાખેલા જોવા મળે છે. પરંતુ ઘણીવાર એવું થાય છે કે માર્કેટમાં ઘણા દિવસો ચાલે તે માટે વધારે લીંબુ લઈ આવીએ છીએ પરંતુ તેનો ઉપયોગ થાય તે પહેલા જ તે સુકાવા લાગે છે.

એકવાર લીંબુ સુકાઈ જાય તો તે કડક થઈ જાય છે અને પછી મોટાભાગે ગૃહિણીઓ તેને ફેંકી દેતી હોય છે. પરંતુ શું તમે જાણો છો કે સુકાયેલા લીંબુનો તમે ઉપયોગ કરી શકો છો? જી હાં એકવાર લીંબુ સુકાઈ જાય તો તે નકામા નથી થઈ જતા તેનો ઉપયોગ કરી શકાય છે. આજે તમને જણાવીએ કે કેવી રીતે તમે સુકાયેલા લીંબુને ઉપયોગમાં લઈ શકો છો.

## સુકાયેલા લીંબુનો ઉપયોગ કેવી રીતે કરવો ?

### ચીકણા વાસણ ધોવા માટે

કેટલીક વાનગીઓ બનાવ્યા પછી વાસણો ચીકણા થઈ જાય છે. આવા વાસણને સાફ કરવા માટે તમે સુકા લીંબુનો ઉપયોગ કરી શકો છો. સૂકા લીંબુની મદદથી ચીકણા વાસણ સાફ થઈ જાય છે.

### સફાઈ કરવા માટે

સૂકા લીંબુની મદદથી તમે રસોડાના ગંદા થયેલા ચોપિંગ બોર્ડને સાફ કરી શકો છો. તેના માટે પહેલા ચોપિંગ બોર્ડ પર થોડું મીઠું છાંટો અને ઉપર સુકા લીંબુનો ટુકડો ઘસો. પછી તેને સાફ કરો. તેનાથી તમારું ચોપિંગ બોર્ડ એકદમ સાફ થઈ જશે.

### વાનગીમાં આ રીતે કરો ઉપયોગ

લીંબુ સુકાઈ જાય તો પણ તેનો સ્વાદ ખાટો-મીઠો લાગે છે. તેથી તેનો ઉપયોગ તમે સૂપ, સ્ટ્યૂ, કરી વગેરેનો સ્વાદ વધારવા માટે કરી શકો છો. તમે સૂકા લીંબુને પાણીમાં ઉમેરી અથવા તો હર્બલ ટીમાં પણ ઉકાળીને ઉપયોગમાં લઈ શકો છો.

# માત્ર શિયાળો જ નહીં, ત્રણેય સિઝનમાં સ્વાસ્થ્ય માટે સંજીવની સમાન છે 'આમળા', થશે અનેક ફાયદા



આમળા એક એવો ખાદ્ય પદાર્થ છે, જેમાં ભરપૂર માત્રામાં પોષકતત્ત્વો રહેલા છે. આમળામાં વિટામીન સી, એન્ટી ઓક્સિડેન્ટ, કેલ્શિયમ, આયર્ન પોટેશિયમ, ફ્લેવેનોઈડ તથા ફાઈબર સહિત અનેક પોષકતત્ત્વો રહેલા છે. આ તમામ પોષકતત્ત્વોથી અનેક બિમારીઓ સામે રક્ષણ મળે છે. અહીંયા અમે તમને આમળા ખાવાની એક એવી રીત જણાવી રહ્યા છીએ, જેથી આમળા વધુ ગુણકારી બની જાય છે. જેથી પાચન સહિત અનેક સમસ્યા દૂર થાય છે.

## પલાળેલા આમળાના ફાયદા

પલાળેલા આમળાનું સેવન કરવાથી રોગ પ્રતિકારક શક્તિ મજબૂત થઈ શકે છે. આમળામાં ભરપૂર માત્રામાં વિટામીન સી અને એન્ટી ઓક્સિડેન્ટ રહેલા છે. નિયમિતરૂપે પલાળાલા આમળાનું સેવન કરવાથી અનેક ઈન્ફેક્શન સામે રક્ષણ મળે છે. આમળાનું સેવન કરવાથી વજન ઓછું થાય છે. આમળામાં ભરપૂર માત્રામાં ફાઈબર હોય છે, જેથી વધુ સમય સુધી ભૂખ લાગતી નથી. આમળામાં રહેલ પોષકતત્ત્વને કારણે મેટાબોલિઝમ બૂસ્ટ થાય છે, જેથી શરીરની ચરબી બર્ન થવા લાગે છે. સવારે નિયમિતરૂપે પલાળેલા આમળાનું સેવન કરવાથી ગેસ, અપચો, કબજિયાત અને બ્લોટિંગ જેવી સમસ્યાથી રાહત મળે છે. સવારે નિયમિતરૂપે પલાળેલા આમળાનું સેવન કરવાથી આમળાથી આંખોને ખૂબ જ ફાયદો થાય છે. આમળામાં ભરપૂર માત્રામાં વિટામીન એ, વિટામીન બી, વિટામીન સી તથા વિટામીન ઈ રહેલું છે, જેથી આંખો સ્વસ્થ રહે છે. આમળામાં ભરપૂર માત્રામાં ક્રોમિયમ હોય છે, જથી બ્લડ શુગર લેવલ કંટ્રોલ રહે છે અને હાઈ બીપી નિયંત્રિત રહે છે. તેથી આમળા ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરના દર્દીઓ માટે ખૂબ જ લાભકારી છે.

# વરસાદના પાણીથી થતાં ફંગલ ઈન્ફેક્શનથી બચવા શું કરશો? 6 બાબતોને અનુસરો, નહીં પડે કોઈ તકલીફ

## ભીના કપડાં, ભીના શૂઝ પહેરવાનું ટાળો



### આ વાતોનું રાખો વિશેષ ધ્યાન

ચોમાસાની ઋતુમાં પગની સાથે સાથે આખા શરીરનું પણ ધ્યાન રાખવું જોઈએ. એટલા માટે સવારે સ્નાન કર્યા પછી ભીના શરીર પર કપડાં ન પહેરો, શરીરને યોગ્ય રીતે સૂકવીને કપડાં પહેરો. આ સિઝનમાં લાંબા સમય સુધી પરસેવાથી કે વરસાદથી ભીના કપડાં પહેરવાનું ટાળો.

ચોમાસાનુ વાતાવરણ સુંદર હોય છે પરંતુ સાથે સાથે ચોમાસુ અનેક સમસ્યાઓ પણ લઈને આવે છે. વરસાદની સિઝન આવતા જ બેક્ટેરિયા દરેક જગ્યાએ ઝડપથી વધવા લાગે છે. બેક્ટેરિયા મોટાભાગે પાણી અને ભેજમાં વૃદ્ધિ પામે છે. વરસાદમાં થતી અનેક સમસ્યાઓમાંથી એક ફંગલ ઈન્ફેક્શન છે. આ ઋતુમાં તમે વરસાદના પાણીથી તમારી જાતને ગમે તેટલી બચાવો, પરંતુ તમારા પગ આ ગંદા પાણીની પકડમાં આવી જાય છે. જેના કારણે પગમાં સડો, ખંજવાળ અને ફોલ્લા દેખાવા લાગે છે.

**1. યોગ્ય ફૂટવેર પસંદ કરો** | ચોમાસામાં યોગ્ય ફૂટવેરની પસંદગી કરવી સૌથી જરૂરી છે. આવા હવામાનમાં રબર અથવા પ્લાસ્ટિકના ફૂટવેર પહેરવા વધુ સારું છે. બંધ કપડાના જૂતા અથવા સેન્ડલ પહેરવાનું ટાળો કારણ કે તે પાણીને શોષી લે છે જેના કારણે પગમાં ભેજ જમા થાય છે અને ફંગલ ઈન્ફેક્શન થાય છે.

**2. પોતાના નખોને નાના રાખો** | ચોમાસામાં અંગૂઠાના નખને વધારવાનું ટાળો કારણ કે અંગૂઠાના નખ વધવા એ મોટી ભૂલ હોઈ શકે છે. વરસાદની મોસમમાં તેમાં ગંદકી અને ભેજ એકઠો થાય છે. આ સાથે, સ્કિનનથી ચોંટાડીને નખ ના કાપો, કારણ કે થોડો પણ કટ કે ખંજવાળ પણ ચેપને આમંત્રણ આપી શકે છે.

**3. સ્વતંત્રતા અને શુદ્ધતાનુ પાલન** | તમારા શરીરને શુષ્ક અને સ્વચ્છ રાખો, ખાસ કરીને એવા વિસ્તારોમાં તમને પરસેવો વધારે થાય છે. સાફ-સફાઈના નિયમિત અનુસાર બાથરૂમ, શરીરની કાળજી લો.

**4. ત્વચાની દેખરેખ** | તમારી ત્વચાને સ્વચ્છ અને શુષ્ક રાખવા માટે નિયમિત સ્નાનનું ધ્યાન રાખો. ભીના કપડાં અને ભીના શૂઝ પહેરવાનું ટાળો. આ સિઝનમાં ત્વચાની ખાસ કાળજી રાખો.

**5. મીઠાના પાણીથી પગ ધોવો** | ચોમાસાની ઋતુમાં જો તમારા પગ દિવસભર વરસાદના પાણીમાં ભીના થતા હોય, તો ફંગલ ઈન્ફેક્શનથી બચવા માટે તમારા પગને મીઠાના પાણીમાં બોળી રાખો, આ કરવા માટે- એક ટબમાં પાણી ભરો અને તેમાં બે ચમચી મીઠું નાખો.


Cyber Octet™

CYBER OCTET PRIVATE LIMITED

ISO 9001 Certified Cyber Security Company

Ethical Hacking & Cyber Security Training

Advanced Diploma in Ethical Hacking & Cyber Security

Learn From The Most Experienced Trainer and One of India's Top Ethical Hackers and Cyber Security Expert

Mr. Falgun Rathod



Register Now | +91 74053 21234 | www.cyberoctet.com

વડાપ્રધાન મોદીએ આપ્યા કાર્યવાહીના નિર્દેશો

# દાગી અને ભ્રષ્ટ અધિકારીઓને ટૂંકમાં નિવૃત્ત કરવામાં આવશે!

## મોદી સરકાર પોતાના ત્રીજા કાર્યકાળમાં ભ્રષ્ટ અને આળસુ અધિકારીઓ કર્મચારીઓની ઓળખ કરાઈ રહી છે

। નવી દિલ્હી, તા.૧૨ ।

મોદી સરકાર પોતાના ત્રીજા કાર્યકાળમાં ભ્રષ્ટ અને આળસુ અધિકારીઓ કર્મચારીઓની ઓળખ કરી તેમને જબરદસ્તીથી નિવૃત્ત કરવાની તૈયારી કરી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંત્રીઓ અને સચિવોને નિર્દેશ આપ્યો છે કે તેઓ મંત્રાલયોના કામકાજમાં પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે મિશન મોડમાં કામ કરે. આ નિર્દેશ મંત્રિમંડળની બેઠકમાં આપવામાં આવ્યો, જ્યાં વડાપ્રધાન મોદીએ ભ્રષ્ટાચાર વિરુદ્ધ અભિયાન તેજ કરવા પર ભાર મૂક્યો. વડાપ્રધાન મોદીએ કેન્દ્રીય સિવિલ સેવા (CCS) નિયમોનો હવાલો આપતા કેન્દ્રીય સચિવોને કર્મચારીઓનું મૂલ્યાંકન કરવા અને તેમની વિરુદ્ધ ફરિયાદ કરનારાઓ વિરુદ્ધ ત્વરિત કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે.

તેમણે આ વાત પર પણ ભાર મૂક્યો છે કે પ્રામાણિક અને કામ કરનારી સરકારને ચૂંટણીઓમાં જનતા પુરસ્કૃત કરે છે. તેમણે હરિયાણા અને જમ્મુ કાશ્મીરમાં ભાજપની ચૂંટણી સફળતાનો હવાલો આપતા જન ફરિયાદોના ત્વરિત નિરાકરણ અને સારા શાસન પર ભાર મૂક્યો.સૂત્રો અનુસાર, મોદીએ અધિકારીઓ અને મંત્રીઓને નિર્દેશ આપ્યો છે કે તેઓ સુનિશ્ચિત કરે કે ફાઈલો એક ડેસ્કથી બીજા ડેસ્ક પર ન ધકેલાય, પરંતુ તેમનું ત્વરિત નિરાકરણ થાય.

PMએ અધિકારીઓને અઠવાડિયામાં એક દિવસ ફરિયાદોના નિરાકરણ અને રાજ્ય મંત્રીઓની પ્રગતિની દેખરેખ માટે સમર્પિત કરવાનું પણ કહ્યું છે. તેમણે એ પણ કહ્યું કે મંત્રાલયોમાં કાર્યરત અધિકારીઓ અને કર્મચારીઓએ લોકોનું જીવન સરળ બનાવવાની દિશામાં કામ કરવું જોઈએ. ફરિયાદો પર ત્વરિત કાર્યવાહી થવી જોઈએ.મોદીએ કહ્યું છે કે એવા અધિકારીઓ અને કર્મચારીઓ જેમની ઓળખ ભ્રષ્ટ અથવા આળસુ તરીકે છે, તેમને સેવામાંથી દૂર કરી દેવા જોઈએ.

પ્રિયંકા ગાંધીએ ટ્રેન દુર્ઘટનાને લઈને કેન્દ્રની ટીકા કરી

# કાવરાપેટ્ટઈ સ્ટેશન નજીક ટ્રેન દુર્ઘટનાને લઈને રાજકારણમાં ભારે હોબાળો મચ્યો

## દેશમાં અનેક ટ્રેન દુર્ઘટનાઓમાં સેંકડો જીવ ગુમાવ્યા બાદ પણ સરકારે કોઈ બોધપાઠ લીધો નથી : રાહુલ ગાંધી । બાગમતી એક્સપ્રેસ ટ્રેન માલગાડી સાથે ટકરાઈ ગઈ હતી



। ચેન્નાઈ, તા.૧૨ ।

મૈસૂરથી દરભંગા જઈ રહેલી બાગમતી એક્સપ્રેસ (૧૨૫૭૮) તમિલનાડુના કાવરાપેટ્ટઈ સ્ટેશન નજીક માલગાડી સાથે ટકરાઈ ગઈ હતી.

આ દુર્ઘટનામાં ઘણાં લોકો ઈજાગ્રસ્ત થયા છે. ટ્રેન દુર્ઘટના પર રાજકીય હોબાળો શરૂ થઈ ગયો છે. આ દરમિયાન લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર પર નિશાન સાધતા કહ્યું હતું કે, 'દેશમાં અનેક ટ્રેન દુર્ઘટનાઓમાં સેંકડો જીવ ગુમાવ્યા બાદ પણ સરકારે કોઈ બોધપાઠ લીધો નથી. આ જવાબદારી ટોચ પરથી શરૂ થાય છે.'

તમિલનાડુમાં ૭૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી આવી રહેલી એક્સપ્રેસ ટ્રેન મુખ્ય લાઈનમાં જવાના બદલે લૂપ લાઈનથી ટકરાઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં ઘણા મુસાફર ઈજાગ્રસ્ત થઈ ગયા અને એક કોચમાં આગ લાગી ગઈ.

રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર કહ્યું, 'મૈસૂર-દરભંગા ટ્રેન દુર્ઘટના ભયાવહ ઓડિશાના બાલાસોરની દુર્ઘટનાને દર્શાવે છે, જ્યાં એક પેસેન્જર ટ્રેન એક ઊભેલી માલગાડી સાથે ટકરાઈ ગઈ. ઘણી દુર્ઘટનામાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યા બાદ કોઈ પાઠ શીખવાડી શકાયો નથી. તેની જવાબદારી ટોચના લોકોએ લેવી જોઈએ. આ સરકારના જાગ્યા પહેલા હજુ કેટલા પરિવાર બરબાર થશે.

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ ટ્રેન દુર્ઘટનાને લઈને કેન્દ્રની ટીકા કરી. તેમણે વ્હોટ્સએપ ચેનલ પર કહ્યું, 'દેશમાં ટ્રેન દુર્ઘટનાઓ એટલી સામાન્ય થઈ ગઈ છે કે એક બાદ એક દુર્ઘટના થવા છતાં સરકાર દ્વારા કોઈ જવાબદારી નક્કી કરવામાં આવી રહી નથી અને કોઈ કાર્યવાહી પણ કરવામાં આવી રહી નથી.'

દેશના કરોડો સામાન્ય લોકો પોતાનો જીવ જોખમમાં મૂકીને ભય અને અરાજકતાના પૈડા પર ચાલતી ટ્રેનોમાં મુસાફરી કરવા મજબૂર છે કેમ કે સુરક્ષિત ટ્રેન મુસાફરીની જવાબદારીથી સરકારે પીછેહઠ કરી લીધી છે.

ન્યૂઝ બ્રિફ



### ઈરાન પર મોટો સાઈબર એટેક, પરમાણુ ઠેકાણાને નિશાને લીધા

। તેહરાન, તા.૧૨ ।

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધની વચ્ચે શનિવારે (૧૨ ઓક્ટોબર) ઈરાન ઉપર મોટો સાઈબર એટેક થયો છે. મળતી માહિતી મુજબ, ઈરાનની સરકાર અને ન્યૂક્લિયર સ્થળો પર કરવામાં આવેલા આ સાઈબર એટેકમાં ઘણી મહત્ત્વની જાણકારીઓ ચોરી કરવામાં આવી છે. આ હુમલામાં સરકારની ત્રણ બ્રાન્ચને નિશાનો બનાવ્યો છે. આ સાઈબર એટેક ક્યારે થયો અને કોણે કર્યો તે વિશે કોઈ સૂચના મળી નથી. નોંધનીય છે કે, ઓક્ટોબરમાં ઈરાને ઈઝરાયલ પર મિસાઈલનો વરસાદ કર્યો હતો. ત્યારથી જ ઈઝરાયલ લાલઘૂમ થયું છે અને તેણે બદલો લેવાનું નક્કી કર્યું છે. થોડા દિવસો પહેલાં ઈઝરાયલ વડાપ્રધાને આ વિશે એક બેઠક પણ કરી હતી, જેમાં ઈરાનના ન્યૂક્લિઅર સ્થળોને નિશાનો બનાવવા સંબંધિત ચર્ચા થઈ હતી. ઈરાન ઈન્ટરનેશનલે ઈરાનના સુપ્રીમ કાઉન્સીલ ઑફ સાઈબરસ્પેસના પૂર્વ સચિવ ફિરોઝાબાદીને ટાંકીને કહ્યું કે, ઈરાનની સરકારની તમામ ત્રણ શાખા ન્યાયપાલિકા, ધારાસભા અને કારોબારી શાખાઓ પર મોટો સાયબર એટેક થયો છે. અહીંથી મોટી સંખ્યામાં જાણકારી ચોરવામાં આવી છે.

### હૈદરાબાદમાં દુર્ગા પંડાલમાં અસામાજિક તત્વો દ્વારા કરાયેલી તોડફોડ

। હૈદરાબાદ, તા.૧૧ ।

હૈદરાબાદથી મોટા સમાચાર સામે આવ્યા છે. હૈદરાબાદના નામપલ્લી પ્રદર્શની મેદાનમાં અજાણ્યા શખ્સોએ દેવી દુર્ગાની મૂર્તિને નુકસાન પહોંચાડ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસર બેગમ બજારમાં પોલીસ કર્મીઓની એક ટીમે ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું છે. પોલીસે કેસની તપાસ કરી કાર્યવાહી કરવાનો વિશ્વાસ અપાવ્યો છે. તો બીજી તરફ ઘટના બાદ લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. હૈદરાબાદના નામપલ્લીમાં કેટલાક લોકોએ દુર્ગા પંડાલમાં તોડફોડ કરી છે. આરોપીએ દુર્ગા દેવીનો હાથ પણ તોડી દીધો છે. ઘટનાની જાણકારી શુક્રવારે સવારે થઈ હતી. જ્યારે આયોજકો પૂજા કરવા પહોંચ્યા હતા. આયોજકોએ જણાવ્યું હતું કે ગુરૂવારે રાત સુધી પોલીસ ત્યાં હાજર હતી. ઘટના કેટલા વાગ્યાની છે, હજુ સુધી તેની જાણકારી સામે આવી નથી. જોકે પોલીસનું કહેવું છે કે કેટલાક અજાણ્યા શખ્સોએ દાનપેટીને એક તરફ મુકી દીધી હતી, જેથી દેવી દુર્ગાની મૂર્તિનો હાથ તૂટી ગયો હતો.

### ચિરંજીવીએ પુત્ર રામ ચરણની ફિલ્મનો રસ્તો રોક્યો, 'ગેમ ચેન્જર'ની રિલીઝ ડેટ મોકૂફ

। મુંબઇ,તા.૧૨ ।

સાઉથના સુપરસ્ટાર રામ ચરણની આગામી ફિલ્મ 'ગેમ ચેન્જર' આ વર્ષની મોસ્ટ અવેટેડ ફિલ્મોમાંથી એક છે. ફિલ્મ વિશે સતત નવી માહિતી સામે આવી રહી છે. અભિનેતાએ આ બહુપ્રતિક્ષિત ફિલ્મ માટે નિર્દેશક એસ શંકર સાથે હાથ મિલાવ્યા છે. દર્શકો રામ ચરણ અને કિયારા અડવાણીને ફિલ્મમાં મોટા પડદા પર એકસાથે જોવાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, પરંતુ હવે તેમને થોડી રાહ જોવી પડશે, કારણ કે ફિલ્મની રિલીઝ ડેટ બદલવામાં આવી છે. ફિલ્મ હવે શેડ્યૂલ પર રિલીઝ થશે નહીં.બહુપ્રતિક્ષિત તેલુગુ ફિલ્મ ગેમ ચેન્જર હવે સંક્રાંતિ ૨૦૨૫ની આસપાસ રિલીઝ થશે. રામ ચરણ અને કિયારા અડવાણી અભિનીત ફિલ્મ અગાઉ ક્રિસમસ ૨૦૨૪ પર રિલીઝ થવાની હતી. આ ફિલ્મ પહેલા ૨૦ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ રીલિઝ થવાની હતી, પરંતુ હવે તેની રિલીઝ ડેટ મોકૂફ રાખવામાં આવી છે. ફિલ્મના પ્રોડક્શન હાઉસ, શ્રી વેંકટેશ્વર ક્રિએશન્સના અધિકૃત એક્સ હેન્ડલ પર શેર કરેલા વિડિયો સંદેશ દ્વારા, દશેરાના દિવસે, ઓક્ટોબર ૧૨ ના રોજ ગેમ ચેન્જરની રજૂઆતની જાહેરાત કરવામાં આવી હતી.

લોકો પર કાજોલે ગુસ્સો વ્યક્ત કર્યો

### દુર્ગા પંડાલમાં બુટ-ચપ્પલ પહેરીને આવેલા લોકો પર ભડકી કાજોલ

બોલિવૂડ અભિનેત્રી કાજોલ તેની બહેન તનિષા અને આલિયા ભટ્ટ સાથે દુર્ગા પૂજામાં વ્યસ્ત જોવા મળી



। મુંબઈ,તા.૧૨ ।

કાજોલે ખૂબ જ ધામધૂમથી દુર્ગા પૂજાની ઉજવણી કરી હતી. આ દરમિયાન કાજોલનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે દુર્ગા પંડાલમાં જોવા મળી રહી છે. હંમેશા હસતી રહેતી કાજોલ વીડિયોમાં ખૂબ જ ગુસ્સામાં જોવા મળે છે. હાલમાં જ કાજોલ તેના પરિવાર સાથે સાંતાક્રુઝમાં નોર્થ બોમ્બે સર્બોજનિન દુર્ગા પંડાલ પહોંચી હતી. આ દરમિયાન કંઈક એવું થયું કે અભિનેત્રી ગુસ્સે થઈ ગઈ અને તેણે માઈક લઈને પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો. કાજોલનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે માઈક લઈને દુર્ગા પંડાલમાં પોતાની નારાજગી વ્યક્ત કરતી જોવા મળી રહી છે.હકીકતમાં થયું એવું કે, કેટલાક લોકો બુટ અને ચપ્પલ પહેરીને દુર્ગા પંડાલમાં પ્રવેશ્યા. આ જોઈને કાજોલ ગુસ્સે થઈ ગઈ અને પછી શું, તેમણે માઈક લઈને પંડાલમાં ચંપલ પહેરીને આવેલા લોકોને ચંપલ ઉતારવા કહ્યું. આ સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ હતી, જે હવે વાયરલ થઈ રહી છે.

લાંબા સંઘર્ષ અને વર્લ્ડ વોર 3 ની આશંકાને હવા મળી

# બ્રાઝિલના ભવિષ્યવક્તા અથોસ સલોમે ત્રીજા વિશ્વ યુદ્ધની ભવિષ્યવાણી કરી

## તેમના જણાવ્યા અનુસાર ઈલેક્ટ્રોમેગ્નેટિક પલ્સ ટેકનિકના વધતાં ઉપયોગના કારણે થઈ શકે છે વિશ્વયુદ્ધ



। બ્રાઝિલ, તા.૧૨ ।

મિડલ ઈસ્ટમાં અત્યારે ચાલી રહેલા યુદ્ધ અને તણાવ પર સમગ્ર દુનિયાની નજર છે. દરરોજ એવા સમાચાર સામે આવી રહ્યાં છે જે લાંબા સંઘર્ષ અને વર્લ્ડ વોર ૩ ની આશંકાને હવા આપી રહ્યાં છે. આ માહોલમાં ઘણા એસ્ટ્રોલોજર પોતાની ભવિષ્યવાણીઓની સાથે સામે આવી રહ્યાં છે અને આમાં સૌથી ચર્ચિત છે બ્રાઝિલના ભવિષ્યવક્તા અથોસ સલોમ.અથોસ સલોમ, જેમને જીવતા નાસ્ત્રેદમસ કહેવામાં આવે છે. તેમના જણાવ્યા અનુસાર ત્રીજું વિશ્વ યુદ્ધ ઈલેક્ટ્રોમેગ્નેટિક પલ્સ ટેકનિકના વધતાં ઉપયોગના કારણે થઈ શકે છે. મુખ્ય રાષ્ટ્રો પાસે તકનીકી વિક્ષેપ પેદા કરવાની ક્ષમતા છે, જે આ યુદ્ધને વાસ્તવિકતામાં ફેરવી શકે છે. સોશિયલ મીડિયા પર તેમની ભવિષ્યવાણીને ગંભીરતાથી લેવામાં આવી રહી છે. તેનું કારણ તેમની ગત ભવિષ્યવાણીઓ છે. જે મોટાભાગે સાચી સાબિત થઈ છે, જેમાં માઈક્રોસોફ્ટના ગ્લોબલ આઉટેજ, કોરોનાવાયરસ મહામારી અને ઈલોન મસ્કના ટ્વીટર અધિગ્રહણ જેવી ઘટનાઓ સામેલ હતી.

સલોમનું માનવું છે કે આગામી સમયમાં ઈરાન અને ઈઝરાયલ, બંને દેશ પોતાની સૈન્ય રણનીતિઓમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો વધુ ઉપયોગ કરી શકે છે. સાથે જ એ પણ ચેતવણી આપી કે છૈં નો શાંતિ જાળવી રાખવા માટે ઉપયોગ થઈ શકે છે પરંતુ જો તેનો ખોટો ઉપયોગ થયો તો આ સંઘર્ષને વધારી શકે છે. આ સ્થિતિ વિશ્વને મોટા યુદ્ધની અણી પર લાવી શકે છે.

સલોમના જણાવ્યા અનુસાર ઈરઁ તકનીકનો વધતો ઉપયોગ, ખાસ કરીને અમેરિકા, રશિયા, ચીન અને ઉત્તર કોરિયા જેવા દેશોમાં, એક મોટા જોખમ તરફ ઈશારો કરી રહ્યો છે. સલોમ અનુસાર, ઈરઁ નો ઉપયોગ ત્રીજા વિશ્વ યુદ્ધમાં કરવામાં આવી શકે છે. જેનાથી 'ત્રણ દિવસનો અંધકાર' જેવી સ્થિતિ પેદા થઈ શકે છે. તેનાથી સમગ્ર દુનિયાનું ઈલેક્ટ્રોનિક માળખું ઠપ થઈ શકે છે. જેનાથી સમાજ તૂટી શકે છે અને દેશોમાં અરાજકતા ફેલાઈ શકે છે.

### કંગના રનૌતથી લઈને શાહિદ કપૂર સુધીના આ બોલિવૂડ સ્ટાર્સે દશેરાની શુભેચ્છા પાઠવી

। મુંબઇ,તા.૧૨ ।

દશેરાનો તહેવાર અનિષ્ટ પર સારાની જીત તરીકે ઉજવવામાં આવે છે. દશેરાને વિજયાદશમી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ તહેવાર પર બોલિવૂડ સ્ટાર્સે પણ સોશિયલ મીડિયા પર તેમના ફેન્સને શુભેચ્છા પાઠવી છે. આવો અમે તમને જણાવીએ કે આ તહેવાર પર બોલિવૂડ સેલેબ્સે કઈ અંદાજમાં શુભેચ્છાઓ પાઠવી છે.

અભિનેત્રી પ્રિયંકા ચોપરાએ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર ચાહકોને દશેરાની શુભેચ્છા પાઠવી છે. તેણે લખ્યું હતું કે, 'જ્યારે તમે જે ડરનો સામનો કરો છો, ત્યારે તમે તે જીવન જીવવા માંડો છો જે તમે હંમેશા જીવવા માંગતા હતા.'

### દિલ્હી મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર કાર પલટતા ભયાનક અકસ્માત

। અલવર, તા.૧૨ ।

રાજસ્થાનના અલવરમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર રસ્તા વચ્ચે ખાડો હોવાના લીધે ગમખ્વાર કાર અકસ્માત સર્જાયો છે. આ કાર અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ લોકોના મોત થયા છે, જ્યારે ૨ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. અકસ્માતનો ભોગ બનેલો પરિવાર હરિયાણાથી બાલાજીના દર્શ કરવા જઈ રહ્યો હતો. આ મૃતકોમાં પિતા, પુત્ર અને પુત્રીનો સમાવેશ થાય છે.

અલવરમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેક્સ વે રોડ પર ખાડો હોવાથી ક્રેટા કાર પલટી જતા એક વ્યક્તિ અને તેના પુત્ર-પુત્રીનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. આ સાથે જ બે લોકોને ગંભીર ઈજા પહોંચી હતી. મૃતક અને ઈજાગ્રસ્તો એક જ પરિવારના સભ્યો છે, જે હરિયાણાના નારનૌલથી બાલાજી દર્શન માટે નીકળ્યા હતા.

આ અકસ્માત રાત્રે અલવર જિલ્લાના પિનાન નજીક ભડોલી પાસે સર્જાયો હતો. પોલીસે જણાવ્યું હતું કે અકસ્માત ટાળે કારમાં છ લોકો સવાર હતા. તેમાં ૮ વર્ષનો એક બાળક પણ હતો, જેને અકસ્માતમાં ગંભીર ઈજા પહોંચી છે.

ખડગેએ ભાજપ અને વડાપ્રધાન પર પણ નિશાન સાધ્યું

તેમણે કહ્યું, પીએમ મોદીની પાર્ટી આતંકવાદીઓની પાર્ટી છે. પીએમ એવા લોકોને સમર્થન આપે છે જેઓ લઘુમતીઓને ધમકાવતા હોય છે

# ખડગેએ હરિયાણા વિધાનસભાની ચૂંટણીના પરિણામો પર સવાલ ઉઠાવ્યા



। નવી દિલ્હી,તા.૧૨ ।

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ હરિયાણા વિધાનસભા ચૂંટણીના પરિણામો પર સવાલ ઉઠાવ્યા છે. આ દરમિયાન તેમણે ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું, પીએમ મોદીની પાર્ટી આતંકવાદીઓની પાર્ટી છે. પીએમ એવા લોકોને સમર્થન આપે છે જેઓ લઘુમતીઓને ધમકાવતા હોય છે. તેઓ દેશની વાત કરતા નથી.કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ભાજપના પ્રદર્શન પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે, અમે હરિયાણામાં શું થયું તેનો રિપોર્ટ માંગી રહ્યા છીએ, રિપોર્ટ આવ્યા બાદ બધુ બહાર આવશે. આખો દેશ કહી રહ્યો હતો કે કોંગ્રેસ જીતશે, ભાજપના નેતાઓ પણ કહી રહ્યા હતા કે કોંગ્રેસ જીતશે. બધાએ જે કહ્યું તે છતાં શું કારણ હતું જેના કારણે હાર થઈ? કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું, હરિયાણામાં કોઈ ગઠબંધન સાથી નહોતું, જમ્મુ અને કાશ્મીરમાં દ્વૈંછ ગઠબંધન છે. હરિયાણામાં આવું કોઈ ગઠબંધન ભાગીદાર નહોતું. જો આપણે જીતીએ તો ઘણા લોકો તેનો શ્રેય લે છે અને જો આપણે હારીએ તો ઘણા લોકો ટીકા કરે છે.હરિયાણા વિધાનસભા ચૂંટણી સિવાય પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અનેક અવસરે કોંગ્રેસને શહેરી નક્સલ ગણાવી છે. આના પર તેમણે કહ્યું, "સ જેઓ બૌદ્ધિક છે તેમને શહેરી નક્સલ કહે છે. તેમની પોતાની પાર્ટી આતંકવાદીઓની પાર્ટી છે, આ પાર્ટી આદિવાસી લોકોની લિંચિંગ અને રેપ કરનારાઓને સમર્થન આપે છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષે કહ્યું કે, જ્યાં પણ તેમની (ભાજપ) સરકાર છે, ત્યાં એસસી વર્ગ પર અત્યાચાર થાય છે, આદિવાસીઓ પર અત્યાચાર થાય છે, તેના ઉપર તેઓ પણ આવું બોલે છે.

મહત્વની મુલાકાત થઈ | કેનેડાએ ભારત સાથે તેના વેપાર સંબંધો અને લોકો વચ્ચેના સંબંધો વિકસાવવાનું ચાલુ રાખવાની જરૂર છે : ટ્રૂડો

# કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડોએ મોદી સાથે મુલાકાત કરી



। નવી દિલ્હી,તા.૧૨ ।

કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડોએ શુક્રવારે જણાવ્યું હતું કે તેઓ લાઓસમાં આસિયાન સમિટ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. બે દેશો કેનેડા અને ભારત વચ્ચેના તણાવપૂર્ણ સંબંધો તરફ ઈશારો કરતા જસ્ટિન ટ્રૂડોએ કહ્યું કે અમારે જે કામ કરવાની જરૂર છે તે અંગે ચર્ચા થઈ હતી. જસ્ટિન ટ્રૂડોએ લાઓસમાં એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, મેં ભારપૂર્વક જણાવ્યું હતું કે આપણે થોડું કામ કરવાની જરૂર છે. અમે જે વિશે વાત કરી છે તેના વિશે હું વિગતમાં જવાનો નથી, પરંતુ મેં ઘણી વાર કહ્યું છે કે કેનેડિયનોની સુરક્ષાનું રક્ષણ કરવું અને કાયદાનું શાસન જાળવવું એ કોઈપણ કેનેડિયન સરકારની મૂળભૂત જવાબદારીઓમાંની એક છે. આના પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખો.

વધુમાં જસ્ટિન ટ્રૂડોએ જણાવ્યું હતું કે કેનેડાએ ભારત સાથે તેના વેપાર સંબંધો અને લોકો વચ્ચેના સંબંધો વિકસાવવાનું ચાલુ રાખવાની જરૂર છે, પરંતુ કેટલાક વાસ્તવિક મુદ્દાઓ છે જેને આપણે ઉકેલવાની જરૂર છે અને અમે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખીશું.

ખાલિસ્તાન ટાઈગર ફોર્સના વડા અને ભારત સરકાર દ્વારા વોન્ટેડ હરદીપ સિંહ નિજ્જર જૂન ૨૦૨૩ માં કેનેડાના સરેમાં ગોળીબારમાં માર્યા ગયા હતા.કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડોએ દાવો કર્યો હતો કે નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટો સામેલ હોવાના વિશ્વસનીય આરોપો છે. ભારતે ટ્રૂડોના આરોપોને વાહિયાત અને પ્રેરિત ગણાવીને ફગાવી દીધા હતા. નિજ્જરની હત્યાના સંબંધમાં ચાર ભારતીય નાગરિકો પર હત્યા અને ષડયંત્રનો આરોપ મૂકવામાં આવ્યો છે.કેનેડાના આરોપો બાદ અમેરિકાએ પણ કહ્યું કે તે ભારત સાથે જોડાયેલા ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુની કથિત હત્યાના કાવતરાની તપાસ કરી રહ્યું છે.

CMYK

Jariwala HOLIDAYS PVT. LTD. રામકૃષ્ણ આશ્રમ સામે, યાજ્ઞીક રોડ, રાજકોટ
માહિતી પત્રક માટે વોટસએપ કરવું : 91733 91333
ફેમીલી/કપલ ટુર્સ
AC 2X2 સ્લીપર-સીટીંગ બસ/રેલ્વે/ફલાઈટ દ્વારા
ગુજરાતી-પંજાબી-જૈન ભોજન
મિનરલ વોટર • સ્ટાર-ડીલક્ષ હોટલ
દિ.૮ ગોવા મ.બળેશ્વર-લોનાવાલા ઈમેજીકા
દિ.૧૨ મનાલી સિમલા ડેલહાઉસી
દિ.૧૨ કાશ્મીર વૈષ્ણોદેવી અમૃતસર
દિ.૧૦ હરિદ્વાર આગ્રા-દિલ્હી મથુરા
દિ.૮ પંચમઢી ઈન્દોર ઉજ્જૈન
દિ.૧૨ ચારધામ યાત્રા
દિ.૫ ગોવા એર પેકેજ
દિ.૯ સિક્કીમ દાર્જીલીંગ લાચુંગ
COMMERAD



सेक्स समस्याओनुं
પ્રભાવશાળી સમાધાન
(ડાયબીટીશ, બી.પી.માં પણ લાભદાયક)






18 થી 75 વર્ષ સુધી લાભદાયક
જોશ, તાકાત, ટાઈમિંગ, સ્ટેમિના, સાઈઝ વધારો
શીઘ્રપતન, સ્વપ્નદોષ, નપુંસક્તા, ઈન્દ્રીની કમજોરી માટે વિશેષ લાભદાયક
લાભ નહીં તો પૈસા પરત
દવા ઘર બેઠા મંગાવવા માટે સંપર્ક કરો
આચાર્ય આયુર્વેદ
08116593448


# ડ્રાયફ્રૂટ પણ સસ્તા લાગે તેવા ફાફડા અને જલેબીના ભાવ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૨।

આજે અસત્ય પર સત્યના વિજયનો દિવસ એટલે દશેરાની દેશભરમાં ધામધૂમથી ઉજવણી થઈ રહી છે. લોકો આ તહેવાર જલેબી-ફાફડા ખાઈને ઉજવી રહ્યાં છે. શુક્રવારે (૧૧ ઓક્ટોબર) નવરાત્રિનું છેલ્લું એટલે કે નવમું નોરતું હતું. ત્યારે ગુજરાતીઓએ મનભરીને વહેલી સવાર સુધી ગરબે ઘૂમી સીધાં જલેબી-ફાફડાની દુકાને પહોંચી ગયા હતાં. સવારથી જ તમામ ફરસાણની દુકાને લાંબી લાઈનો જોવા મળી રહી છે.વહેલી સવારથી લોકો જલેબી-ફાફડા ખરીદવા લાઈનમાં ઉભા રહી ગયાં હતાં. જોકે, આ વર્ષે દશેરાના દિવસે દશેરાના દિવસે જલેબી-ફાફડાના ભાવમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. ૧ કિલો ફાફડાના ૫૦૦ રૂપિયા અને શુદ્ધ ઘીમાં બનેલી જલેબીના ૬૦૦ તેમજ સીંગતેલની જલેબીના ૩૩ રૂપિયા ભાવ નોંધાયા છે.


॥ किस्मत कुंडली ॥
આપના જીવનનો નકશો

આપનું જીવન જાણે કેટલાય સંઘર્ષ, રૂકાવટો, અડચણ અને ચઢાવ-ઉતાર સાથે પસાર થયું હશે. પરંતુ તે વખતની ખાણીપીણી, રહેણીકરણી, ધાર્મિકતા, સહિષ્ણુતા અને ઉદારતા જેવા ગુણોને કારણે વિકટ પરિસ્થિતિને પાર પાડી શક્યા હશો, પરંતુ અત્યારના પરિપેક્ષમાં જોતાં આજની પેઢી આ બધું સહન કરવાની ક્ષમતા ધરાવતી નથી તો તેમના જીવનને સરળ અને શાંતિપૂર્ણ બનાવવા માટે આ કિસ્મત કુંડળીને સહારે આપ તેમના કેરિયર અને ભાવિ જીવનના મહત્વના દરેક ક્ષેત્રો સરળતાથી પાસ થઇ શકે તે માટે કેટલીક વિગતો જાણવી જરૂરી બને જેમાં કિસ્મત કુંડળીના નીચેના મુદ્દાઓ મદદરૂપ થાય.

(દવેગુરૂજી)
University Certified International Astrologer.

- એકંદર ગ્રહ સ્થિતિ
- દેહસૌષ્ઠવ
- શરીર બંધારણ
- સ્વાસ્થ્ય
- સ્વભાવ
- શિક્ષણ
- આર્થિક જીવન
- સામાજીક જીવન
- વૈવાહિક જીવન
- કૌટુંબિક જીવન
- રાજકીય જીવન
- ભાગ્યોદય
- સ્થાવર સુખ
- વિદેશ ગમન
- શુભ અંક
- શુભ વાર
- શુભ દિશા
- શુભ રત્ન
- શુભ રંગ
- શુભ તારીખ
- અશુભ તારીખ
- શુભ વર્ષ
- પ્રતિકુળ વર્ષ
- શુભ રાશી
- અશુભ રાશી
- શુભ વ્યવસાય
- પ્રતિકુળ વ્યવસાય
- વિશિષ્ટ સમય
- એકંદર જીવન
- માર્ગદર્શન

સંપર્ક : જ્યોતિષી ડૉ. આર.જે. દવે (વીંછણવાળા)
9, વ્રજભૂમિ, સોસાયટી, કૃષ્ણનગરની બાજુમાં, પીજ રોડ, નડિયાદ
દુનિયાના 20 થી વધુ દેશોમાં અસંખ્ય ગ્રાહક વર્ગ
વ્હોટ્સએપ અને મોબાઈલ : +91 99740 92777



ગ્રામ્ય વિસ્તારના પત્રકારો માટે ઝડપી લેવા જેવી તક
અમદાવાદમાં
ન્યૂઝ મિડિયા ક્ષેત્રે
કરિયર બનાવો
ગુજરાતી ભાષામાં પ્રભુત્વ ધરાવતા અને મેટ્રો શહેર અમદાવાદમાં મીડિયા ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા પત્રકારો, કોપી એડિટર, સબ એડિટર, પેજમેકર, ડીઝાઈનર સહિતના મીડિયા કર્મચારીઓને લોક પત્રિકા દૈનિક આવકારે છે
છ મહિના સુધી પ્રિન્ટ અને ઈલેક્ટ્રિક મીડિયાની ટ્રેનિંગ આપવામાં આવશે
ગુજરાતના વિવિધ જિલ્લાના સ્થાનિક લોકલ ન્યૂઝ પેપર, યુટ્યૂબ અથવા લોકલ ચેનલમાં કામ કરતા પત્રકાર મિત્રો માટે સુવર્ણ તક..
લોક પત્રિકા
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
સંપર્ક । 98252 52125
વધુ માહિતી માટે અમારે વેબસાઈટની મુલાકાત લો... www.lokpatrika.in



સરળતાથી વસાવો...
સરળતાથી ચલાવો...
KINETIC GREEN Think Electric.. Think Kinetic
CNG/ડિઝલ રીક્ષાનો ખર્ચ ₹350 પ્રતિ દિવસ
કાઈનેટીક ઈલેક્ટ્રીક રીક્ષાનો ખર્ચ ₹20 પ્રતિ દિવસ
BATTERY WARRANTY 3 YEARS
SERVICES WARRANTY 1 YEAR
LOADING CAPACITY 700 KG
RTO CERTIFIED REGISTER






ઉપયોગ : • કરિયાણા • માલસમાન હેરફેર • ઈન્ડસ્ટ્રીઝ • પ્રિન્ટીગ પ્રેસ • પ્લાયવુડ • બ્રાન્ડીગ પ્રમોશન • ફાસ્ટ ફૂડ • કુરિયર • ટાયર • શાકભાજી-ફળ • કટલેરી • ઈલેટ્રોનિકસ સપ્લાય • બેકરી • સેન્ટરી • હરતીફરતી દુકાન
SiddhiVinayak Autolink
3 Wheeler - Showroom 84008 84002
• SALES • SERVICE • SPARE
Ankit Party Plot, Nr. SiddhiVinayak Ford Workshop, Kuvadva Road, Rajkot.
All Type of Electric 2&3 Wheeler Service & Repairing : 82003 82005



BANKER & BAKERS™
A Bite Of Celebration...
20 Years of Bakery Experience
Freshly Baked Joy, Every Day!





FRANCHISE INQUIRY 9537331130 - 9924399337
BRANCHES KADIA-NEHRUNAGAR-ASARVA



SHUBHAM sky TRACK
3 BHK PREMIUM FLATS & SHOPS






SHREENATH DEVELOPERS
Call : +91 93748 31395 +91 98252 11371 +91 99747 42269
200 Ft.Naroda - Dahegam Road, B/h Dev Ashish Pride And Plaza, Opp.Oscar Hills, Hanspura, Ahmedabad
RERA : PR/AHMEDABAD/AHMEDABAD CITY/AHMEDABAD MUNICIPAL CORPORATION/MN182AA10082/130922 Website : www.gujrera,gujarat.gov.in



**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya